### રામ રાખે તેને કોણ ચાખે : સત્કર્મોએ ધારીનાં પરિવારને બચાવ્યો : નવ સભ્યો હેમખેમ બહાર નિકળ્યાં

# અગ્નિ કાંડમાં ધારીનાં હુદાણી અને લાલાણી પરિવારનો બચાવ

**આગ ભભુક્યાનાં સમયે ટીઆરપી ગેમ ઝોનમાં ધારીનાં પ્રતિષ્ઠીત શ્રી સાદીકભાઇ હુદાણી પરિવારના નવ સભ્યો સાથે અંદર હતા અને...**



**ગ્રાઉન્ડમાં કાર રેસીંગ અને અંદર વિવિધ ગેમ્સમાં પરિવાર સાથે તે હતાં અચાનક આગ લાગી અને સાદીકભાઇ એક્ઝીટ ગેઇટ શોધવા દોડયાં**

અમરેલી,

અનેક લોકોનો જીવ લેનાર રાજકોટનાં અગ્નિ કાંડમાં અમરેલી જિલ્લાનાં ધારીનાં હુદાણી અને લાલાણી પરિવારનો ચમત્કારીક બચાવ થયો હતો. રામ રાખે તેને કોણ ચાખે તે ઉક્તીને સાર્થક કરતા હોય તેમ શ્રી સાદીકભાઇ હુદાણી અને લાલાણી પરિવારનાં સત્કર્મો અને વડીલોની ધર્મ પ્રત્યેની આસ્થાએ આખા પરિવારને બચાવ્યો હતો.

રાજકોટનાં અગ્નિ કાંડમાં ધારીનાં અગ્રણી વેપારી એવા શ્રી સાદીકભાઇ હુદાણી અને લાલાણી પરિવારનો બચાવ થયો હતો. ટીઆરપી ગેમ ઝોનમાં ધારીથી શ્રી સાદીકભાઇ હુદાણી પોતાના પરિવાર સાથે ગયાં હતાં અને અંદર ગેમ ઝોનમાં ગ્રાઉન્ડની કાર રેસ તથા ઉપરનાં માળે વિવિધ રાઇડ્સ અને મનોરંજનની વસ્તુઓનાં વિડીયો અને ફોટોગ્રાફ્સ તેમણે લીધા હતાં. બનાવમાં શું થયુ તે અંગે સાદીકભાઇએ જણાવ્યુ હતુ કે, અમે પરિવારના નવ સભ્યો અંદર હતા અને બહાર નીકળવાની તૈયારી કરતા હતા તેવા સમયે વેલ્ડીંગને કારણે આગ લાગી હતી. સાદીકભાઇએ કહયુ હતુ કે હું દોડીને એક્ઝીટ જોઇ આવ્યો પાંચમો દરવાજો એક્ઝીટનો હતો આ રસ્તો હું જોઇ આવ્યો તે સીધો રોડ ઉપર નીકળતો હતો જેથી ભાગી અને હું પરિવાર પાસે આવ્યો અને બધાને બહાર કાઢયા અને જેમને ખબર ન હતી રસ્તાની તેમને પણ આ રસ્તા ઉપરથી બહાર કાઢયા હતા.

**ઉપર નીચે તમામ ચાર જગ્યાએ વેલ્ડીંગનું કામ ચાલુ હતુ**

## પાંચ મીનીટ આડા અવળા થાય તો પુરૂ થઇ જવાનું હતુ

**બે જ મીનીટમાં આગ ઉપડી ગઇ હતી : અમારી સામે જ પતરા તોડી તોડી લોકોને બહાર કાઢતા હતા**

ધારી, ટીઆરપી ગેમ ઝોનમાં ઉપર નીચે તમામ ચાર જગ્યાએ વેલ્ડીંગનું કામ ચાલુ હતુ અને આગ લાગી ત્યારે જો અમે પાંચ મીનીટ આડા અવળા થાય તો પુરૂ થઇ જવાનું હતુ કારણકે માત્ર બે જ મીનીટમાં આગ ઉપડી ગઇ હતી અને અમારી સામે જ પતરા તોડી તોડી લોકોને બહાર કાઢતા હતા તેમ સાદીકભાઇએ જણાવ્યુ હતુ.

**અમે ગ્રાઉન્ડ ફલોરમાં કેન્ટીનમાં ચા પીવા ખોટી થયા હતા અને છેલ્લી ચુસકીએ આગ લાગી**

## સાદીકભાઇએ પરિવારને કાઢી આઠ લોકોને એક્ઝીટનો રસ્તો બતાવ્યો

**ગ્રાઉન્ડ ફલોરમાં કેન્ટીનમાં ૩૫ થી ૪૦ લોકો હતા : આગ લાગી તે અંતર ૩૫ થી ૪૦ ફુટ જ હતુ : અમારી નજર સામે જ આગ ઓલવવા કોઇ દોડતુ હતુ**





ધારી,

અમે રાઇડસનો આનંદ લઇ ગ્રાઉન્ડ ફલોરમાં કેન્ટીનમાં ચા પીવા ખોટી થયા હતા અને છેલ્લી ચુસકીએ આગ લાગી ત્યારે


અમારી નજર સામે જ આગ ઓલવવા કોઇ દોડતુ હતુ જેથી સૌ પ્રથમ સાદીકભાઇએ પરિવારને કાઢી આઠ લોકોને એક્ઝીટનો રસ્તો બતાવ્યો હતો. કારણકે ગ્રાઉન્ડ ફલોરમાં કેન્ટીનમાં ૩૫ થી ૪૦ લોકો હતા અને જ્યાં આગ લાગી તે અંતર ૩૫ થી ૪૦ ફુટ જ દુર હતુ.

શ્રી સાદીકભાઇની સાથે તેમના પુત્ર આયુષ, ધર્મપત્ની શ્રીમતી રાજીમાબેન, આસીફભાઇ લાલાણી, ગુલજારબેન લાલાણી, એન્જલ લાલાણી, સોહીલભાઇ લાલાણી, સમીમબેન લાલાણી, સોહમ લાલાણી હતા.

**અમે બહાર જતા હતા ત્યારે નાની એવી આગ હતી અને બહાર નીકળ્યા ત્યારે બધુ ઉપડી ગયુ હતુ**

## કુદરત અમારી સાથે હતી સીધો રસ્તો દેખાડયો નહીતર ખબર ન હતી કે અહીં રસ્તો છે : સાદીકભાઇ હુદાણી

**અમે સૌથી પહેલા ભુલ ભુલૈયામાં ગયા હતા તેમાં રહેલા તમામ માર્યા ગયા હતા : હજુ આ ઘટના નજરે તરવરે છે : સામે મોત જ હતુ : કુદરતનો આભાર**



ધારી, (ઉદય ચોલેરા)

ધારીના અગ્રણી વેપારી શ્રી સાદીકભાઇએ આગની ભયાનકતા અંગે જણાવ્યુ હતુ કે અમે જ્યારે ગેમ ઝોનમાંથી બહાર જતા હતા ત્યારે નાની એવી આગ હતી અને બહાર નીકળ્યા ત્યારે બધુ ઉપડી ગયુ હતુ પેટ્રોલ, ડીઝલના પીપ તરત સળગ્યાં હતા પણ કુદરત અમારી સાથે હતી સીધો રસ્તો દેખાડયો નહીતર ખબર ન હતી કે અહીં રસ્તો છે માટે કુદરતનો આભાર.

શ્રી હુદાણીએ જણાવેલ કે અમે અને શ્રી લાલાણી પરિવાર એમ કુલ ત્રણ પરિવાર ગયા હતા અમે સૌથી પહેલા ભુલ ભુલૈયામાં ગયા હતા તેમાં રહેલા તમામ માર્યા ગયા હતા આ ઘટના હજુ નજરે તરવરે છે સામે મોત જ હતુ.

### નામદાર આગાખાનનું માર્ગદર્શન કામ લાગ્યું

જે દેશમાં રહો તેને વફાદાર રહો તેવા ઇસ્માઇલી ખોજા ધર્મગુરૂ નામદાર આગાખાનની સલાહને ચુસ્ત રીતે અનુસરતા શ્રી લાલાણી અને શ્રી હુદાણી પરિવારને નામદારના આશિર્વાદ અને માર્ગદર્શન કામ લાગ્યા હતા.

## અમરેલીમાં વેપારી મંડળ અને પોલીસ પરિવાર વચ્ચે નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટ



અમરેલીના અખાડામાં વેપારી મંડળ અને પોલીસ પરિવાર વચ્ચે યોજાઇ નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટ જેમા ડી વાય એસ પી દેસાઇ તેમજ સીટી પીઆઇ વાઘેલા ઉત્સાહભેર ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો અને ક્રિકેટ રમ્યા હતા અને વિજેતા ઉમેદવારોને ટ્રોફી કરાઇ હતી તે તસવીરમાં નજરે પડે છે.

**ડો. જીવરાજ મહેતા ચોકમાં બાળકોના આત્માની શાંતિ માટે**

## અમરેલી શહેરમાં કેન્ડલ માર્ચ યોજી મૃતકોને શ્રધ્ધાંજલી પાઠવતી જિલ્લા કોંગ્રેસ સમિતી

**કોંગ્રેસનાં શ્રી વીરજીભાઇ ઠુંમર, શ્રી ઠાકરશીભાઇ મેતલીયા, શ્રી ડીકે રૈયાણી, શ્રી શંભુભાઇ, પ્રો. એટી સોસા, શ્રી રફીક મોગલ, શ્રી ટીકુભાઇ વરૂ, શ્રી શરદ ધાનાણી, શ્રી સંદીપ ધાનાણી, શ્રી નરેશભાઇ અધ્યારૂ સહિત આગેવાનો જોડાયાં**



અમરેલી, ડોક્ટર જીવરાજ મહેતા ચોકમાં ટીઆરપી ગેમ જોન માં બાળકો સહિત અનેક મોતને ઘાટ ઉતારવા માટેનું જે પાપ કર્યું છે જે બાળકો આપણી વચ્ચેથી વિદાય લીધી છે તેમના આત્માને પ્રભુ શાંતિ આપે તે માટે કેન્ડલ માર્ચ યોજી અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિએ શ્રદ્ધાંજલિ માટેનો કાર્યક્રમ રાખ્યો હતો. કાર્યક્રમ માં પૂર્વ સાંસદ વીરજીભાઇ ઠુંમર જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ઠાકરશીભાઇ મેતલીયા ડીકે રૈયાણી શંભુભાઇ પ્રોફેસર એટી સોસા પૂર્વ નગરપતિ રફીક મોગલ નરેશભાઇ ટીકુભાઇ વરુ શરદભાઇ ધાનાણી સંદીપ ધાનાણી નરેશભાઇ અધ્યારુ એડ નિશિત પટેલ ઇકબાલ ભાઇ જનક પંડ્યા જગદીશ પાનસુરીયા નગરપાલિકાના સભ્યશ્રીઓ પૂર્વ સભ્યશ્રીઓ સહિતના મહત્વના આગેવાન કાર્યકર્તા વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્રની મુલાકાતે શ્રી ચીમનભાઇ પોકળ



અમરેલી,

શ્રવણ પ્રસાદ સેવા કેન્દ્ર અમરેલીની મુલાકાતે અમદાવાદ સ્થિત બિલ્ડર શ્રી ચીમનભાઇ પોકળ તથા તેમના ધર્મપત્નિ શ્રીમતિ જેઓ અમરેલીના વતની તથા શ્રી કિશોરભાઇ રૂપારેલના મિત્ર અમવેલા તેમનુ હૃદયપુવર્ક સંસ્થાના સંચાલક ભીખુભાઇ અગ્રાવતે કરેલ તથા સંસ્થા વિશે પરીચય આપેલ હાલ સંસ્થા તરફથી બપોરે લગભગ ૧૨૦ તથા સાજે ૯૦ જેટલા વડીલોને ઘરેબેઠા ટીફિન દ્વારા ભોજનપહોચાડવા માં આવે છે.

તેમજ અન્ય સેવાઓ પુરી પાડવામાં આવે છે શ્રી ચિમનભાઇ તરફથી સંસ્થાને ખાદ્યવસ્તુ ઓ લેવા જેમકે ઘઉં, ચોખા, તેલ, ગોળ વગેરે માટે રૂપીયા ૭૫૦૦૦/- અંકે રૂપીયા પંચોતેર હજારપુરાનો ચેક સંસ્થાને અપર્ણ કરેલ આ તક શ્રી ભીખુભાઇ અગ્રાવત શ્રી કાળુભાઇ ભંડેરી, શ્રી મુકેશભાઇ જાની શ્રી વસંતભાઇ મોવલીયા, શ્રીજીતુભાઇ જોષી, શ્રી કીશોરભાઇ મિશ્રા, શ્રીજગદીશભાઇ જોષી શ્રી હરૂભાઇ બાટવીયા શ્રી ભારતીબેન પંડયા પેન્ટર ડીજી.મહેતા શ્રી કિરણભાઇ નાંઢાવગેરે તેમનો આભાર માનેલ તેમ ભીખુભાઇ અગ્રાવતે જણાવ્યું છે.


અમરેલીમાં પ્લોટ વેચવાનો છે
ચક્કરગઢ રોડ, કાનાણીની વાડી પાસે, અક્ષર બંગ્લોઝની બાજુમાં, ૨૦ X 33 ની સાઇઝનો રોડ કાંઠાનો મોકાનો પ્લોટ કસમાં વેચવાનો છે
-:: સંપર્ક ::-
મો.૯૫૧૦૩ ૩૬૮૮૯

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

"શ્રી ક્રિષ્ના પેસ્ટ કન્ટ્રોલ"
ઉધઇ થી બચો
ઉધઇ ની ટ્રીટમેન્ટ કરી આપનાર
ભાવેશભાઇ - મો. ૯૯૨૫૭ ૫૦૩૪૧

ચિત્તલ રોડ ઉપર શ્રી રંગ સોસાયટીમાં ૧।। વસાનો બંગલો કોર્નરનો કસમાં વેચવાનો છે.
(જ્ઞાતિ બાધ નથી)
જીલ્લા પંચાયત સામે રોડ ટચ દુકાન ભાડે આપવાની છે.
જિલ્લા પંચાયત સામે ફર્સ્ટ ફ્લોર ઉપર દુકાન કસમાં વેચવાની છે.
સાંઇ સદ્ગુરૂ એસ્ટેટ બ્રોકર પ્રભુદાસ તલાટી ૯૪૨૮૭ ૦૯૯૯૩
વ્હાઇટ હાઉસ, એસ.ટી. ડેપો સામે, અમરેલી. સમય: સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

મકાન વેચવાનું છે
1BHK ટાઇટલ કલીયર, લોનેબલ ફર્નિચર સાથે, ગેસ કનેકશન પાણીની ફુલ સુવિધા સાથે
સ્થળ : જલારામનગર-૨ બંસીધર સ્કુલ પાસે, અમરેલી
-:: સંપર્ક ::-
મો.૯૯૨૫૨ ૧૧૬૩૩

પાસપોર્ટ ફોટા ફક્ત રૂપીયા ૩૦ માં ૩૨ કોપી બધી મોટી સાઇઝ
૧૨ X ૧૮ ની સાઇઝનો ફોટો ફ્રેમ સહિત માત્ર ૩૦ મીનીટમાં
શ્રી ખોડિયાર સ્ટુડિયો
લીલીયા રોડ, ભીડભંજન મંદિરની સામે, અમરેલી
મો.૯૪૨૯૧ ૩૯૭૫૬

## રાજકોટ અને અમરેલી અને આણંદ માટે સતત ચર્ચાઓ શરૂ

# અમરેલીમાં લીડ ઉપર શરતો : તા. ૪ જૂન ઉપર સૌની મીટ

### પરિણામ આડે હવે માત્ર ૧૦ દિ' બાકી : અમરેલીમાં હારજીતની શરતોને બદલે કોને કેટલી લીડ મળેની શરત : સૌથી મોટી શરત ૫ લાખની લાગી

### દર વખત કરતા શરતોનું બજાર સાવ ઠંડુ : મતગણત્રી માટે તંત્ર અને રાજકીય પક્ષો તૈયારીઓ : રાજકોટ બેઠક ઉપર અમરેલી સહિત ગુજરાતભરની મીટ

અમરેલી, (ડેસ્કરિર્પોટર)

લોકસભાની ચૂંટણીમાં કોણ જીતશે અને કોણ હારશેની પુછપરછ વચ્ચે ગુજરાતમાં રાજકોટ અને અમરેલી અને આણંદ માટે સતત ચર્ચાઓ શરૂ છે તો રાજકારણના શોખીન એવા અમરેલીમાં લીડ ઉપર શરતો લાગી હોવાનું જાણવા મળેલ છે.

આગામી તા. ૪ જૂન ઉપર સૌની મીટ છે પરિણામ આડે હવે માત્ર ૧૦ દિ' બાકી હોય આ વખતે અમરેલીમાં હારજીતની શરતોને બદલે કોને કેટલી લીડ મળેની શરતો લાગી રહી હોવાનું શરત બજારના જાણકારે જણાવ્યું હતુ.

અમરેલીમાં આ વખતે લીડ ઉપર સૌથી મોટી શરત ૫ લાખની લાગી છે પણ દર વખત કરતા શરતોનું બજાર સાવ ઠંડુ હોવાનું જણાવાઈ રહયું છે આગામી મતગણત્રી માટે વહીવટી તંત્ર અને રાજકીય પક્ષો દ્વારા તૈયારીઓ થઈ રહી છે.

ગુજરાતમાં રાજકોટ બેઠક ઉપર અમરેલી સહિત ગુજરાતભરની મીટ મંડાઈ છે.

---

## ઇલેક્ટ્રીક શોર્ટ સર્કિટને કારણે આગ લાગ્યાની ચર્ચા

# રાજુલાની એક્સિસ બેન્કના એટીએમમાં આગ લાગી

### પીજીવીસીએલની ટીમે ઘટના સ્થળે દોડી જઇ વિજ પુરવઠો બંધ કર્યો : માત્ર વાયરિંગ બળ્યું



રાજુલા, (જયદેવ વરૂ)

રાજુલા મેઈન બજારમાં આવેલ એક્સિસ બેન્કના એટીએમમાં અચાનક આગ લાગવાની ઘટના બનવા પામી આ આગ લાગવાથી આજુબાજુના વેપારીઓમાં અફડાતફડીનો માહોલ જોવા મળ્યો આ આગની ઘટનાથી આ વિસ્તારોમાં લોકોના ટોળેટોળા જોવા મળ્યા નજીકમાં જ પોલીસ સ્ટેશન હોવાથી તાત્કાલિક સમાચાર મળતા રાજુલા પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવેલી પોલીસ આવતા જ આજુબાજુના વિસ્તારોમાં અવરજવર બંધ કરાવવામાં આવેલી આગ લાગવાની ઘટનાથી વીજળી પુરવઠો બંધ કરાવવામાં આવ્યો અને પી.જી.વી.સી.એલના અધિકારી સહિતની ટીમ ઘટના સ્થળે દોડી આવેલી જોકે આ ઘટનામાં રાજુલા ફાયરને પણ જાણ કરવામાં આવતા રાજુલા ફાયર ટીમ ઘટના સ્થળે દોડી આવેલી રાજુલા પોલીસ. ફાયર. તેમજ પીજી.વી.સી.એલ ની ટીમથી આ આગને થોડા જ સમયમાં કાબુમાં લેવામા સફલતા મળી જોકે આ આગ લાગવાનું મુખ્ય કારણ જાણવા મળ્યું નથી આ આગ થી કેટલું નુકસાન થયું તેની વિગતો જાણવા મળેલ નથી જો કે લોક મુખે ચર્ચાતી વિગત મુજબ એક બાજુ ગરમી અને સાથે સાથે આ એ.ટીમ.એમ માં એ.સી પણ નાં હોવાનું અને આ એ.ટી.એમ ની પાછલ ના ભાવે સમગ્ર બેન્ક નો કંટ્રોલ રૂમ પણ હોવાનું જાણવા મળેલ જેથી ઈલેક્ટ્રિક શોટ સર્કિટ પણ થયું હોવાનું ચર્ચાઈ રહેલ છે જો આ આગ કાબૂ માં ના આવી હોત તો નુકશાની આંક ખુબજ મોટો બની શકત પરંતુ આ અંગે એક્સિસ બેન્ક મેનેજર નિખિલભાઈ નો સંપર્ક તપાસ કરતા કોઈ મોટું નુકસાન થયેલ નથી માત્ર વાયરિંગ ગયું છે એટીએમ કે અન્ય કોઈ વસ્તુ બળેલ નથી.

---

# જાફરાબાદના ભટ્ટવદરમાં મૃતદેહ સ્વીકારવાનો ઇન્કાર

### પોલીસે ફરિયાદ લીધી નહી : ફરિયાદ દાખલ કરવા માંગણી



રાજુલા,

જાફરાબાદ તાલુકાના ભટવદર ગામે નરેશ જીવાભાઈ કોળી ની બોડી હજી ચાર દિવસ થયા છતાં ગામમાંથી કોઈ સંભાળવા ત્યાર નથી પોલીસ એફઆર કરે દાખલ ત્યારે જ બોડી સ્વીકારવાનો પરિવાર અને કોળી સમાજ નો નિર્ણય ગઈકાલે ૫૦ જેટલા આગેવાનો ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સાથે નાગેશ્રીના પોલીસમાં ફરિયાદ માટે માથાકૂટ કરી છતાં પોલીસે ફરિયાદ લીધી નહીં અંતે બે પ્રાઈવેટ ગાડીઓ લઈ આ વિસ્તારના આગેવાનો જિલ્લા પંચાયતના સદસ્ય કરસનભાઈ તથા કારોબારી કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળા મરનાર ના પિતા જીવાભાઈ તથા મંગાભાઈ સહિતના ૧૦ જેટલા આગેવાનો ૭:૦૦ વાગ્યે ડીવાયએસપી શ્રી વેરાવળને જોરદાર રજૂઆત કરી ન્યાય તપાસની માં અને ફરિયાદ લેવા રજૂઆત કરતા અંતે ડીવાયએસપીએ આગેવાનોને સુત્રાપાડા નું બનાવ હોવાથી સુત્રાપાડા આગેવાનો પી.એસ.આઈ વાઘેલાને લેખિત અને મૌખિક રજૂઆતો કરી હતી. અમારી તાત્કાલિક ફરિયાદ દાખલ થાય ત્યાર પછી જ અમે મરનાર નરેશભાઈ ની લાશ લેવા સિવિલમાં આવશે આમ ચાર દિવસથી નરેશભાઈ ની ડેટબોડી સિવિલમાં પડી છે બીજી તરફ આ વિસ્તારમાં કોળી સમાજમાં ભારે આક્રોશ ભારે આક્રોશ વધતો જાય છે અને આજે ન્યાય નહીં મળે તો આવતીકાલે હાઈકોર્ટના દરવાજા પણ ખટખટ આવવાનું મરનારના પરિવારોએ જણાવ્યું હતું અથવા પોલીસ તાત્કાલિક નરેશ ને માર માર્યાને અરજી આપી છે તેની ફરિયાદ દાખલ થાય તેવી માંગણી સાથે રોષ વ્યક્ત થઈ રહ્યો છે.

---

# અમરેલી જીલ્લા કક્ષાનું સેન્ટર હોવા છતા એસબીઆઈએ કરન્સીચેસ્ટ બંધ કરી દેતા ફરીથી શરૂ કરવા માંગણી

### અમરેલી ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કલેક્ટરશ્રીને ધારદાર રજુઆત કરાઇ

અમરેલી,

અમરેલી એસબીઆઈ બેંકમાં રૂ.૧.૫ કરોડની ચોરી ત્રણ વર્ષ પહેલા થયેલ ત્યારથી કરન્સીચેસ્ટ અમરેલીમાં બંધ થયેલ છે.અમરેલી જીલ્લા કક્ષાનું સેન્ટર હોવા છતા કરન્સીચેસ્ટની સુવીધા ન હોવાથી અમરેલીમાં ૩૫ જેટલી બેંકો હોઈ બધીજ બેંકોને તેમજ વેપારીઓને રોકડ રકમ ઉપાડવાની ખુબજ તકલીફ થતી હોય. તેમજ જીલ્લાના તમામ તાલુકા સેન્ટર પર કરન્સીચેસ્ટની સુવીધા હોય માત્ર અમરેલી શહેરમાં જ આ સુવીધા ન હોવાને કારણે વેપારીઓને ખુબજ હેરાનગતી ભોગવવી પડે છે.

એસબીઆઈ પાસે સુવીધાયુક્ત સ્ટ્રોંગ રૂમની સુવીધા ન હોવાને કારણે અમરેલી શહેરની કોઈપણ બેંકને આ સુવીધા આપી શકાય તેમ છે. જેથી આપના દ્વારા સરકારશ્રી તેમજ રીઝર્વ બેંકમાં રજુઆત કરી અમરેલી શહેરને કરન્સીચેસ્ટની ઝડપથી સુવીધા મળે અને વેપારીઓને પણ રાહત મળે અમરેલી શહેરમાં કરન્સીચેસ્ટ ન હોવાને કારણે તહેવારો ઉપર નવી નોટ પણ મળવી મુશ્કેલ થાય છે. તેમજ હાલમાં અમરેલી જીલ્લામાં પાંચના સીક્કાની ખુબજ અછત હોવાના કારણે દરેક બેંકોને રૂ.૫ ના સીક્કા ફાળવવા જરૂરી છે તો આ પ્રશ્ને ઝડપી નીરાકરણ લાવવા અમરેલી ડીસ્ટ્રીક્ટ ચેમ્બરના હોદેદારોની લાગણી અને માંગણી છે તે માટે અમરેલી ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોર્મસ દ્વારા કલેક્ટરશ્રીને રજુઆત કરવામાં આવી છે.

---

## ડુપ્લીકેટ પનીરનો ભાવ ૧૯૦ થી ૨૦૦, પ્યોર પનીરનો ભાવ ૩૮૦ : અમદાવાદ સહિત સમગ્ર

# ગુજરાતમાં ડુપ્લીકેટ પનીરનો કાળો કારોબાર અટકાવવા માટે શ્રી રાજૂ માધવાણીની માંગણી

### બનાવટી પનીર સાચોર બિકાનેર રાજસ્થાનથી અને સૌરાષ્ટ્રના મહુવા થી સમગ્ર ગુજરાત માં બેરોકટોક બેફામ રીતે સપ્લાય થાય છે : આધાર પુરાવા સાથે જાણીતા વેપારીનો આરોપ

અમરેલી, (ડેસ્કરિર્પોટર)

સાચોર બિકાનેર રાજસ્થાનથી અને સૌરાષ્ટ્રના મહુવાથી સમગ્ર ગુજરાતમાં બેરોકટોક બેફામ રીતે બનાવટી પનીરની સપ્લાય થતી હોય તેને અટકાવવા માટે અમરેલીના જાણીતા વેપારી શ્રી રાજુભાઈ માધવાણીએ સરકારમાં રજુઆત કરી છે.

શ્રી રાજુભાઈ માધવાણીએ જણાવ્યું છે કે, અમદાવાદના કાલુપુરમાં રોજનું ૧૦૦૦૦ દસ હજાર કિલો પનીર ઠલવાઈ રહયું છે અને એ પણ ખુબજ ટેકનિકલ રીતે. આમા ફૂડ અધિકારી ઓ ને સાથે રાખી ને તેમાં એનાલોક ચીઝ ચડાર નું સ્ટીકર મારીને સપ્લાય કરવામાં આવે છે જેવું હોલસેલર ના દુકાન માં જાય એટલે એ સ્ટીકર કાઢીને પનીર તરીકે વેચાણ કરવામાં આવી રહ્યું છે.

સાચોર બિકાનેર અને મહુવાના આ મુખ્ય ચાર પનીર માફિયા ઓ પૂરા ગુજરાત ની આમ જનતા ના આરોગ્ય સાથે ગંભીર રીતે ચેડા કરી રહ્યા છે નામજોગ રેકોર્ડિંગ સાથે તમામ પ્રૂફ સાથે હું રજુઆત કરનાર છું આ ડુપ્લીકેટ પનીર નો ભાવ ૧૯૦ થી ૨૦૦ પ્યોર પનીર નો ભાવ ૩૮૦ છે.

---


**સંકુલ UG-PG કોલેજ – હોસ્ટેલ 6 મંથ ફ્રી**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| આર્ટસ કોલેજ | BA | 6600 | MA | 8600 | હોસ્ટેલ | 13400 |
| કોમર્સ કોલેજ | B.Com | 8600 | M.Com. | 8600 | " | " |
| સાયંસ કોલેજ | B.Sc. | 12400 | M.Sc. | 20000 | " | " |
| મેનેજમેન્ટ કોલેજ | BBA | 9300 | MBA | 22500 | " | " |
| કોમ્પ્યુટર કોલેજ | BCA | 12400 | MCA | 22500 | " | " |
| પ્રોફેશનલ કોલેજ | B.Ed. | 20000 | DMLT | 20000 | ફાર્મસી | 30000 |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ(લેઉવા પટેલ),ચક્કરગઢ રોડ -Ad 036


---

# બગસરામાં સથવારાનાં ચોરો રામજી મંદીરની મિલ્કતને વેરામાંથી મુક્તિ આપવા માંગણી

### સતવારા જ્ઞાતી ટ્રસ્ટ દ્વારા પાલિકાનાં ચિફ ઓફિસરને રજુઆત

બગસરા, (રૂપેશ રૂપારેલીયા) બગસરામાં સથવારાનો ચોરો રામજી મંદીરની મિલ્કત વેરાની મુક્તિ માટે કરેલી અરજી તા.૧૪-૯-૨૩ અરજીનો જવાબ અથવા પત્ર ના મળતા રૂબરૂ નગરપાલિકાનાં ઓફિસે વેરા મુક્તિનું પુછતા શાખા અધિકારીએ ફરી વખત અરજી કરવાનું જણાવેલ જેથી તા.૬-૫-૨૪ નાં અરજી કરેલ તેનો જવાબપત્ર તા.૧૫-૫-૨૪ નાં મળેલ. આગળની અમારી તા.૧૪-૯-૨૪ ની અરજીનો કેમ નિકાલ કરવામાં આવેલ નથી તેનું સ્પષ્ટ પણે અમને ખુલાસો આપવા અથવા કારણ બતાવો કેમ કે અમારા સથવારાનાં ચોરો રામજી મંદિરની મિલ્કત વેરામાંથી મુક્તિ આપવા માટે અમારી સાથે કેમ રાગદ્વેશ રાખવામાં આવ્યું. ધાર્મિક સ્થળો તો સરકારનાં નિયમો બધાને સરખુ આપવામાં આવેલું છે તો આ નગરપાલિકાને શું કારણ બન્યુ કે અમારી સાથે અન્યાય કર્યો. બગસરા સથવારા જ્ઞાતી ટ્રસ્ટ દ્વારા પાલિકાનાં ચિફ ઓફિસરને રજુઆત કરવામાં આવી છે.

---

### રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ મામલે કોર્ટ દ્વારા 3 આરોપીના ૧૪ દિવસના પોલીસ રિમાન્ડ મંજુર કર્યા

---


**અમારો એક જ ધ્યેય સલામત સવારી, અમારૂ નવુ સોપાન**

**જય રામદેવ ટ્રાવેલ્સ**

તદ્દન ન્યુ બ્રાન્ડ A/C, NON A/C બસ

નેસડીથી સુરત
તાતણીયાથી સુરત

ઠણ્ડા-ઠણ્ડા COOL-COOL

ધારી, ચલાલા, જેશીંગપરા અમરેલી, લાઠી, ઢસાથી ગઢડા, બોટાદ, સાળંગપુર, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, લલીતા ચોકડી, કતારગામ, ડભોલી, સુરત

ટાઇમ રાત્રે ૭,૮,૯

ચંદારાણા ટ્રાવેલ્સ એસ. ટી. ડેપો સામે, અમરેલી

અમરેલી : ૯૪૨૬૨ ૬૪૬૩૮, ૯૦૯૯૫ ૦૮૬૪૧, ૯૮૨૪૨ ૭૦૯૦૦

ધારી : ૯૪૨૮૩ ૪૧૪૩૨, સુરત : મો.૮૮૬૬૪ ૮૫૦૦૦, ૯૭૨૭૪ ૯૭૭૨૫,

Online Booking : www.jayramdevtravels.com


---

**-:: જાહેર જનતા જોગ જાહેર નોટીસ ::-**

(૧) કાપડિયા મનિષભાઇ વલ્લભભાઇ ધર્મે હિંદુ, ઉ.વ.આ.૩૬, ધંધો ખેતી, મુ.ખજુરી પીપળીયા... વેચનાર
(૨) હુંમર સુરેશભાઇ વલ્લભભાઇ ધર્મે હિંદુ, ઉ.વ.આ. ૪૮, ધંધો ખેતીકામ, રહે.શેમળા, તા.ગોંડલ.... ખરીદનાર

આથી હું નીચે સહી કરનાર બી.ડી.મકવાણા એડવોકેટ તે ગુજરાત હાઇકોર્ટ ને નોટરી - ભારત સરકાર રહે.વડીયા, ઠે. સુરગપરા, આંબેડકરનગર, તા.કુંકાવાવ-વડીયા, જી.અમરેલી વાળા તે અમારા અસીલ ઉપરોક્ત બંને નામવાળા વેચનાર અને લેનાર તે રીતે બંને વ્યક્તિ રહે. ઉપરોક્ત સરનામાવાળા તેમની સુચના અને ફરમાઇશ અને તેમના કહેવા અનુસાર આજરોજ અમો આ જાહેર જનતા જોગ જાહેર નોટીસ આપી અને લાગતા વળગતાઓ તેમજ અન્ય જે કોઇ ઇસમોને નીચે જમીનના સાટાખતના લખાણના કામે વાંધા તકરાર હોય કે કંઇપણ રજુઆત હોય તેઓને આ જાહેર નોટીસથી આ જાહેર પ્રસિધ્ધી કરીએ છીએ અને આ છેવટની નોટીસથી જાણ કરવામાં આવે છે કે, (૧) ગુજરાત રાજ્યના અમરેલી જિલ્લાના કુંકાવાવ વડીયા તાલુકાના મોજે ગામ ખજુરી પીપળીયા ગામની સીમતળની પીયતવાળી જમીન ખાતા નં.૩૧૦ રે.સર્વે નં.૭૧ પૈકી ૮ જેના હે. ૧-૪૫-૬૮ આ. આકાર રૂા.૦૩.૨૪ પૈસાવાળી જમીન વેચનારની સ્વતંત્ર માલીકીની તથા સ્વતંત્ર કબજા ભોગવટાની છે જે જમીન આજરોજ ખરીદનાર એક વિઘાનાં રૂા. ૩૦૨૦૦૦/- અંકે ત્રણ લાખ બે હજાર પુરા લેખે વેચાણ આપવાનું નક્કી કરીને વેચાણ કિંમત પેટે બાનાની રકમ રૂા.૧,૦૦,૦૦૦/- અંકે એક લાખ પુરા આજરોજ વેચનારે ખરીદનાર પાસેથી સંભાળી લઇને સાટાખતનો કરાર વડીયા મુકામે કરવામાં આવેલો છે. (૨) ઉપરોક્ત કરાર સબંધે અમોના અસીલ ઉપરોક્ત નામવાળા નાઓએ આજરોજ તા.૨૭-૦૫-૨૦૨૪ ના રોજ કબજા વગરનો સાટાખત, બાનાખત કરાર ઘરમેળે સ્ટેમ્પ વગરના સાદા કાગળ ઉપર કરવામાં આવેલો છે જેમાં બંને પક્ષકારોની સહીઓ થયેલી છે અને તેના આધારકાર્ડ અને પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ ચોડેલ છે. આ બાબતે આજની તા.૨૭-૦૫-૨૦૨૪ થી તા.૦૫-૦૬-૨૦૨૪ સુધીમાં કોઇપણ ઇસમોને વાંધા તકરાર હોય તો લેનાર અને વેચનારની રૂબરૂ મુલાકાત લઇને તેમની જોડે બેઠક કરી લેવી અને નિર્ણય કરવામાં આવશે અન્યથા સમય પસાર થઇ ગયા બાદ કોઇપણના વાંધા કે તકરાર ધ્યાને લેવામાં આવશે નહી જે જાણશોજી.

સ્થળ : વડીયા
તા.૨૭-૦૫-૨૦૨૪

અમારા મારફત
બી.ડી.મકવાણા એડવોકેટ
મુ.વડીયા મો.૯૯૨૪૧ ૩૩૯૬૩

---

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૧૦૨-૨૦૨૪............મુ.તા.૨૦-૦૬-૨૦૨૪
અરજદાર : કાનાણી દેવચંદભાઈ મોહનભાઈ રહે.કાનાતળાવ, તા.સાવરકુંડલા
અરજદારના વિ.વ.શ્રી ડી.બી.જોષી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી જીવાપર, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પુત્ર વિપુલભાઈ દેવચંદભાઈ કાનાણીનો જન્મ તા.૨૮-૦૫-૧૯૮૦ નારોજ ગામ જીવાપર તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પુત્રના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૨૦-૦૬-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૧૮-૦૫-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | કોર્ટનો સિક્કો | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

---

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી**
જન્મ/મરણ પરચુરણ અરજી નં.૬૫/૨૦૨૪.................તા.૦૪-૦૫-૨૦૨૪
વિવાદી :- શ્રી શેખ રૂસ્તમ માનજીભાઈ રહે. ખાખરીયા, તા.બાબરા
વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી ખાખરીયા ગ્રામ પંચાયત, તા.બાબરા

**જાહેર નોટીસ**
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે ખાખરીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના દાદી શેખ જીવુબેન શેરભાઈનું મરણ તા.૧૦-૦૯-૧૯૯૧ ના રોજ મોજે ખાખરીયા, તા.બાબરા મુકામે મરણ થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૫-૦૨-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૫-૦૬-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

કોર્ટનો સિક્કો
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી

---

**-:: જાહેર નોટીસ ::-**

આથી હું નીચે સહી કરનાર શ્રી વિમલ પી.પોપટ (એડવોકેટ) અમરેલીના તે અમારા અસીલ ઘનશ્યામભાઇ રવજીભાઇ કોટડીયા રહે. ગારીયાધાર, તા.ગારીયાધાર, જી.ભાવનગર વાળાની મળેલ સુચના અને ફરમાઇશ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલો કે જેઓ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના ગારીયાધાર ગામે રહે છે અને તેઓએ અમરેલી જિલ્લાનાં ગારીયાધાર તાલુકાના ગારીયાધાર ગામે સર્વે નં.૩૩૦ માં આવેલ પ્લોટ નં.૧૯ કે જેનું કુલ ક્ષેત્રફળ ૧૮૭-૬૫ ચો.મી. વાળી મિલ્કતનો ઉતરોતર રજી.વેચાણ દસ્તાવેજ નં.૧૮૧ તા.૩૧-૦૩-૧૯૯૪ થી જે ખરીદનાર શ્રી મનુભાઇ મોહનભાઇ ઝાલાવાડીયા, શ્રી હર્ષદભાઇ મોહનભાઇ ઝાલાવાડીયા વાળાઓએ પટેલ નાગજીભાઇ પ્રેમજીભાઇ ગોધાણીના કુ.મુ. પટેલ જગદીશભાઇ રાઘવભાઇ કાત્રોડીયા પાસેથી ખરીદ કરેલ તે અસલપ્રત હાલ અમારા અસીલ કે તેઓને મિલ્કત વેચનાર પાસે હાલ ઉપલબ્ધ ન હોય, આમ ઉપરોક્ત વિગતવાળી મિલ્કતનો ઉતરોતર દસ્તાવેજ અમોના અસીલ પાસેથી હાલ મળી આવેલ નથી. આ દસ્તાવેજો જો કોઇના કબજા હેઠળ રહેલો હોય અગર તો આ દસ્તાવેજનો આધાર રાખી કોઇ ત્રાહીત ઇસમે વ્યક્તિ, સંસ્થા કે મંડળી અગર તો બેંકે તેને ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય અગર તો ઉપરોક્ત વિગતવાળી મિલ્કત પરત્વે કોઇપણ ઇસમને કંઇપણ પ્રકારનો લાગ ભાગ, હક્ક, હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલ્કત ઉપર તારણ ઉપસ્થિત કરવા સબંધે કોઇપણ ઇસમને વાંધો તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ દિન-૭ માં નીચેના સરનામે લેખીતમાં જણાવશો અન્યથા આ મિલ્કત સંપુર્ણ ટાઇટલ કલીયર કબજા ભોગવટા સાથેની હોવાનુ માની અમારા અસીલ આ મિલ્કત સબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઇનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરશે જેથી આ નોટીસ પ્રસિધ્ધ થયાના મુદત સમય બાદ કોઇપણ ઇસમનો વાંધો તકરાર કે હરકત ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : અમરેલી
તારીખ : ૨૭-૦૫-૨૦૨૪

અમારા મારફત
વિમલ પી.પોપટ - એડવોકેટ
સેવાસદનથી સિવીલ હોસ્પિટલ રોડ,
જિલ્લા પંચાયત ઓફીસ પાછળ, અમરેલી મો.૯૪૨૮૭ ૯૩૪૨૦

---


... ૫૩ વર્ષથી કાર્યરત ...

લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC

**સોનપાલ ઓટો એડવાઈઝર્સ**

◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆

...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...

વિમો + લાયસન્સ
નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦

નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫



Hero

આ તહેવારોના શુભ અવસરે
આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારો શુભ

Hero GIFT Grand Indian Festival of Trust

Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz



**વોટર પ્રુફીંગ (લેખીત વોરંટી સાથે)**
(ફકત ઈમ્પોર્ટેડ વોટર પ્રુફીંગ મટીરીયલ વડે)

• ધાબા :- ચાઈના મોઝેક વાળા, ટાઈલ્સ વાળા, કોંક્રીટવાળા
• પતરા :- કોઈપણ જાતના પતરાનું લીકેજ
સંક સ્લેબ પાણીની ટાંકી, બેઝમેન્ટ, ટેરેસ ગાર્ડન વગેરેનું વોટર પ્રુફીંગ કરી આપીશું.

નવા બંગલાઓમાં પહેલેથી વોટર પ્રુફીંગ કરાવવા અચુક સંપર્ક કરો.

ડીઝાઈન એન્જીનીયરીંગ અને વોટરપ્રુફીંગ કન્સલટન્સી
(સુરેન્દ્રનગરવાળા - અમારી બીજી કોઈ શાખા નથી)
કોન્ટેક્ટ નંબર :- 7567191919, 9898325787

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૮-૦૫-૨૦૨૪ સોમવાર

# ચાર કરોડની મોટરકારના છેલબટાઉ ડ્રાઈવર છોકરાએ ટક્કર મારી ને બે ને ઉલાળ્યા...!

ભારતમાં ગરીબો માટે અને ધનિકો માટે અલગ અલગ ન્યાય હોય છે એવું કહેવાય છે, મહારાષ્ટ્રના પુણેના કલ્યાણીનગર વિસ્તારમાં રવિવારે બેફામ ઝડપે ચાર કરોડની પોર્શ કાર ચલાવીને બે લોકોને મોતને ઘાટ ઉતારવાના કેસમાં આ વાત સાચી પડી છે. પોર્શ કાર એક ધનિક બાપનો ૧૭ વર્ષનો દીકરો ચલાવી રહ્યો હતો કે જે નશામાં હતો. દારૂના નશામાં જ તેણે બે લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છતાં જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે આ છોકરાને કલાકોમાં જામીન પર છોડી મૂક્યો.

આ વાત આઘાતજનક છે જ કેમ કે જુવેનાઈલ જસ્ટિસ બોર્ડમાં બેઠેલાં લોકોએ કાયદાની ઐસીતૈસી કરી છે. જેણે અકસ્માત સર્જ્યો એ સગીર છોકરો ૧૭ વર્ષ ને આઠ મહિનાનો છે. મતલબ કે, ૧૮ વર્ષમાં ચાર જ મહિના નાનો છે અને સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ ચુકાદો છે કે, ૧૬ વર્ષથી વધારે વયની કોઈ પણ વ્યક્તિ ઘૃણાસ્પદ અપરાધ કરે ત્યારે તેને પુખ્ત વયનો ગણીને જ તેની સામે કેસ ચલાવવો જોઈએ. નિર્ભયા કેસમાં સામેલ પાંચ બળાત્કારી પૈકી એક બળાત્કારી ૧૭ વર્ષનો હતો.

સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહેલું કે, ઘૃણાસ્પદ કેસમાં ૧૬ વર્ષથી વધારે ઉંમરની કોઈ પણ વ્યક્તિને પુખ્ત વયની વ્યક્તિ ગણીને જ તેની સામે કેસ ચલાવવો જોઈએ. આ ચુકાદાને આધારે નિર્ભયા કેસના સગીર આરોપીને ત્રણ વર્ષ સુધી રીહેબિલિટેશન હોમમાં મોકલાયો હતો. આ છોકરા સાથે પણ એ જ વ્યવહાર થવો જોઈતો હતો પણ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે સુપ્રીમ કોર્ટના આ ચુકાદાના ધજાગરા ઉડાવી દીધા છે કેમ કે બે લોકોની હત્યા કરનારો એક ધનિક બાપનો નબીરો છે. ''જામીન અપાયા તેના કરતાં વધારે આઘાતજનક વાત જુવેનાઈલ બોર્ડે જે શરતે આ છોકરાને જામીન આપ્યા એ છે. જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ એટલે કે કોર્ટે સગીર છોકરાને કેટલીક શરતોને આધિન જામીન આપ્યા છે. આ શરતોની વાત સાંભળીને કોઈને પણ આઘાત લાગી જાય. જામીનની શરતોમાં પહેલી શરત એ છે કે, આરોપીએ ૧૫ દિવસ સુધી યરવડાની ટ્રાફિક પોલીસ સાથે કામ કરવું પડશે.

આરોપીને દારૂ છોડવા માટે મદદ કરી શકે તેવા ડોક્ટર પાસેથી સારવાર લેવાનું કહેવામાં આવ્યું છે. મતલબ કે, ડોક્ટર આ છોકરાનું કાઉન્સેલિંગ કરીને તેને નશાની લતમાંથી મુક્ત કરવામાં મદદ કરશે. સાથે સાથે અકસ્માત અંગે ૩૦૦ શબ્દોમાં નિબંધ લખવાનું કહેવામાં આવ્યું છે. સાલુ, આ દેશમાં બે લોકોના જીવની કિંમત આ ત્રણ ફાલતુ શરતો જ છે?

જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે પુણે પોલીસે નોંધેલા કેસના પણ ધજાગરા ઉડાવી દીધા. પુણે શહેર પોલીસે છોકરા સામે આઈપીસીની કલમ ૩૦૪ની જોગવાઈઓ હેઠળ ગેર ઈરાદતન હત્યાનો ગુનો નોંધ્યો હતો. પોલીસે તેની સામે આઈપીસીની અન્ય કલમો અને મોટર વ્હીકલ એક્ટની કલમો પણ લગાવી હતી. આ બધી ગંભીર કલમો છે પણ બોર્ડે તેને ધ્યાનમાં રાખ્યા વિના સાવ ફાલતુ શરતો હેઠળ આ છોકરાને છોડી મૂક્યો.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સુદ્ધાં જામીનની આ શરતો વિશે સાંભળીને હબક ખાઈ ગયા છે. ફડણવીસે સવાલ કર્યો છે કે, જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ આવી હળવી સજા કઈ રીતે આપી શકે? ફડણવીસે ખાતરી આપી છે કે, આ ગંભીર ગુનામાં આકરામાં આકરાં પગલાં લેવામાં આવશે અને કોઈ દોષિતને છોડવામાં નહીં આવે. પુણે પોલીસે પણ ઉપરી કોર્ટ પાસેથી આ છોકરાને પુખ્ત વયનો ગણીને કેસ ચલાવવાની મંજૂરી માગી છે ને આશા રાખીએ કે, કોર્ટ એ મંજૂરી આપે.

ફડણવીસ ભવિષ્યમાં પોતાની વાતને કઈ હદે વળગી રહે છે એ જોવાનું રહે છે પણ અત્યારે તો ફડણવીસના આદેશના પગલે પોલીસે આ છોકરાના પિતા અને પુણેના ટોચના બિલ્ડર વિશાલ અગ્રવાલને જેલભેગો કરી દીધો છે. પોલીસે વિશાલ અગ્રવાલ સામે બાળકને લિકર કે ડ્રગ્સ પૂરા પાડવા, બાળકની ઈરાદાપૂર્વક અવગણના કરીને માનસિક કે શારીરિક બિમારી સુધી પહોંચાડવા સહિતની કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

આ કલમો હેઠળ વિશાલ અગ્રવાલને પોલીસ ક્યાં સુધી જેલમાં બંધ રાખી શકશે એ સવાલ છે. વિશાલ અગ્રવાલને જેલભેગો કરાય કે તેને સજા થાય તેમાં કશું ખોટું નથી કેમ કે દીકરો ફાટીને ધુમાડે ગયો તેના માટે એ જવાબદાર છે પણ વિશાલની સાથે સાથે તેના દીકરીને પણ સજા થવી જ જોઈએ. એ ૧૭ વર્ષ ને આઠ મહિનાનો છે ને કાનૂની રીતે સગીર છે એટલે બચી જાય તેનાથી મોટી કાયદાની મજાક બીજી કોઈ ના હોઈ શકે.

વિશાલ અગ્રવાલના છોકરાએ જે કર્યું એ ક્રિમિનલ માઈન્ડેડ વ્યક્તિ જ કરી શકે. પોલીસે જ કહ્યું છે કે, છોકરો પોર્શ કાર બેફામ ઝડપે ચલાવી રહ્યો હતો અને દારૂના નશામાં હતો તેથી તેણે કાર પરનો કાબૂ ગુમાવ્યો. આ છોકરાએ કલ્યાણી નગર જંક્શન પર કાર દ્વારા બાઈકને જોરદાર ટક્કર મારી. આ ટક્કર એટલી જોરદાર હતી કે, બાઈક સવાર અનીશ અને તેની પાછળ બેઠેલો તેની મિત્ર અશ્વિની રસ્તા પર સો મીટર સુધી ઢસડાયા હતા. અશ્વિનીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અનીશને શહેરની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં થોડા કલાકો પછી તેનું મૃત્યુ થયું.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો પ્રમાણે આરોપી છોકરાએ હાલમાં જ ધોરણ ૧૨ની પરીક્ષા પાસ કરી છે એટલે મિત્રો સાથે પાર્ટી કરવા ગયો હતો. એ બધા મુંડવા વિસ્તારના પબમાં ગયા કે જ્યાં આ લોકોએ દારૂ પીધો હતો. છોકરો દારૂ પીધા પછી કાર ચલાવી તેના ઘરે જઈ રહ્યો હતો પણ નશામાં હતો તેથી એક્સિડન્ટ કરી દીધો. આ છોકરાએ બે પરિવારોને તબાહ કરી દીધા છે. મૃતકો અનીશ અધિયા અને અશ્વિની કોસ્તા આઈટી એન્જિનિયર હતા અને મધ્ય પ્રદેશના હતા. પુણેમાં રહેતા બંને પુણેની એક આઈટી કંપનીમાં કામ કરતા હતા. અશ્વિનીએ નોકરી છોડી દીધી હતી અને નવી નોકરી શોધી રહી હતી. મિત્રો સાથે પાર્ટી પછી બંને પબમાંથી બહાર આવ્યા હતા અને કેટલાક મિત્રો સાથે થોડા સમય સુધી વાત કર્યા પછી બંને બાઈક પર ઘરે જવા માટે નીકળ્યાં પોર્શ કારે ટક્કર મારીને જીંદગી છિનવી લીધી.

## રાજકોટના અગ્નિકાંડ બાદ અમરેલીમાં પણ ફાયર સેફ્ટી અંગે સઘન ચેકિંગની કામગીરી

# અમરેલીમાં મોલ સહિતના સ્થળોએ ફાયર સેફ્ટીનું ચેકિંગ

### ફાયર વિભાગ, પોલીસ અને વિજ કંપનીઓની ટુકડીઓ દ્વારા અનેક સ્થળોએ તપાસ હાથ ધરી

અમરેલી,

રાજકોટ ગેમઝોનમાં અગ્નિકાંડની ગોઝારી દુર્ઘટના બાદ સરકારમાંથી આદેશ આવતા અમરેલીનું વહીવટી તંત્ર પણ પોતાની આળશ ખંખેરી સજ્જ થયું હતું અને શહેરના મોલ સહિત વિવિધ જગ્યાઓ ઉપર ફાયર સેફ્ટીની સુવિધા અંગે ચેકિંગ હાથ ધર્યુ હતું. જોકે તંત્રને હજુ સુધી કોઈ ગેરરીતી મળી આવેલ ન હતી. આ ઝુંબેશ એક સપ્તાહ સુધી ચાલુ રાખવામાં આવશે. અને જિલ્લાના તમામ મુખ્ય બિલ્ડીંગને સમાવી લેવાશે.

અમરેલી જિલ્લાનું વહીવટી તંત્ર વિવિધ કોર્મશિયલ બિલ્ડીંગ ફાયર સેફ્ટીની સુવિધા યોગ્ય છે કે નહીં એ અંગે હરકતમાં આવ્યું હતું. અમરેલી ફાયર વિભાગની ટીમના ફાયર ઓફિસર એચ.સી ગઢવી, પીજીસીએલના શ્રી સરવૈયા, સિટી પીઆઇ શ્રી વાઘેલા સહિતની ટીમ દ્વારા જુદા જુદા મોલ સહિત અનેક સ્થળોએ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું તે દરમ્યાન ક્રાઇટ એરીયામાં ન હોવાનું તંત્રએ જણાવ્યું હતું.

અગાઉ ફાયર વિભાગ દ્વારા એનોસી આપવામાં આવ્યા હતાં. આમ છતાં અહીં મુકાયેલા ફાયર સેફ્ટીના સાધનો યોગ્ય રીતે કામ કરી રહ્યા છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત વિજ કંપની દ્વારા કેટલાક વિજ લોડનો ઉપયોગ થઈ રહ્યો છે અને તેના કારણે કોઇ આગ અકસ્માતની ઘટના બની શકે તેમ છે કે કેમ ? તેની ચકાસણી કરવામાં આવી હતી. અમરેલી શહેરમાં હજુ પણ આ કામગીરી શરૂ રહેશે. તેમજ જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ આ જ પ્રકારની ડ્રાઈવ ચલાવવામાં આવશે. તેમ જણાવાયું હતું. આ કાર્યવાહીમાં ફાયર અધિકારી એચ. સી. ગઢવી, સિટી પીઆઈ શ્રી વાઘેલા, પીજીવીસીએલના એન્જીનિયર શ્રી સરવૈયા, પાલીકા, વિજ કચેરી, ટાઉન પ્લાનીંગના કર્મચારીઓ દ્વારા ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## નાના ભાઈ સાથે જમીન પ્રશ્ને વાંધો હોય

# રાજુલાના દાતરડીની સીમમાં મોટાભાઈ ઉપર હુમલો

### પિતા પુત્રએ મારમારી ફેક્ચર કરી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

રાજુલા તાલુકાના દાતરડી સીમમાં વેલાભાઈ નાનજીભાઈ મકવાણા ઉ.વ.૫૬ ને તેમના નાનાભાઈ નારણ મકવાણા વચ્ચે ઘણા સમયથી જમની પ્રશ્ને વાંધો હોય. અને સીમેન્ટના ખુંટા નાખવા પ્રશ્ને બોલાચાલી થયેલ હોય. જેથી નારણ તથા તેનો દિકરો લાલજી ગાળો બોલી શરીરે ઢીકાપાટુંનો મુંઢમાર મારી લાલજીએ લાકડાના ધોકા વડે આડેધડ શરીરે મારમારતા કમરના ભાગે જમણી બાજુ ફેક્ચર કરી ધમકી આપ્યાની ડુંગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલાના ચોત્રામાં બંધ મકાનને નિશાન બનાવતા તસ્કરો

### સોના ચાંદીના દાગીના અને રોકડ મળી રૂા.૧,૬૮,૫૦૦ની ચોરીની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

રાજુલા તાલુકાના ચોત્રા ગામે તા. ૧૮-૪ થી ૨૫-૫-૨૪ દરમ્યાન કોઈ પણ સમયે કોઈ તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી રૂમના તાળા તોડી અંદર પ્રવેશી લોખંડના કબાટનો લોકર તોડી પગમાં પહેરવાની ચાંદીના કડલા ૫૦૦ ગ્રામ રૂ/.૨૧,૦૦૦, પગમાં પહેરવાની એક જોડ ચાંદીના કડલા જુના આશરે ૮૦૦ ગ્રામ રૂ/.૧૫,૦૦૦ , કાનમાં પહેરવાની સોનાની પાંદડી બે ગ્રામ જુની રૂ/.૧૦,૦૦૦, કાનમાં પહેરવાની સોનાની એક કડી ૩ ગ્રામ રૂ/.૧૨,૫૦૦ એક જોડી સોનાના ચાપા ૧૦ ગ્રામ રૂ/.૫૦,૦૦૦ , એક જોડી સોનાના બુટીયા રૂ/.૨૦,૦૦૦, ચાંદીનો કંદોરો ૭૦૦ ગ્રામ રૂ/.૧૪,૦૦૦ ચાંદીની લાંચ ૫૦૦ ગ્રામ રૂ/.૪૦૦૦, ચાંદીની માળા રૂ/.૫૦૦૦ તથા રોકડ રૂ/.૧૭,૦૦૦ મળી કુલ રૂ/.૧,૬૮,૫૦૦ ની માલમતા ચોરી ગયાની ધરમશીભાઈ ઉર્ફે ધારશીભાઈ લાખાભાઈ વાઘેલાએ રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## દયા ડાકણને ખાય તે કહેવત સાર્થક બની

# રાજુલા નજીક માંડળ ગામે મુંજાવરના થેલામાંથી ૪૧ હજાર ઉપરાંતની ચોરી

### આશ્વાસન આપી રૂપિયા ૫૦૦ની મદદ કરતા અન્ય રકમ પર નજર પડતા પતિ પત્નિએ ચોરી કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

રાજુલા તાલુકાના માંડળ ગામે સીમાડીયા પીરની દરગાહના મુંજાવર નનુશા માસુમશા રફાઈ ઉ.વ.૬૬ ને મળવા તેના સગા બાલુબેન બચુભાઈ કાટડીયા ,યુનુસ બચુભાઈ કાટડીયા મળવા માટે ગયેલ હોય. અને બાલુબેન તેમના નાના દિકરાના કારણે દુઃખી હોય. જે અંગે નનુશાને કહેતા નનુશાએ તેમના કાળા કલરના થેલામાં રૂ/.૪૨,૦૦૦ હોય જેમાંથી બાલુબેનને આશ્વાસન આપી રૂ/.૫૦૦ ની મદદ કરેલ. અને દયા ડાકણને ખાય તે કહેવત મુજબ નનુશાના થેલામાં પૈસા જોઈ જતા બંને પતિ પત્નિની નિયત બગડતા થેલામાંથી રૂ/.૪૧,૫૦૦ તથા ધોણા પાસે આસનની બાજુમાં રૂ/.૧૦૦ મળી કુલ રૂ/.૪૧,૬૦૦ ની ચોરી કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ડુંગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લાઠી માર્કેટયાર્ડ પાસે બે ઉપર હુમલો

### પાંચ શખ્સોએ હુમલો કરી સોનાનો ચેઇન લઇ ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

લાઠી માર્કેટિંગ યાર્ડ પાસે નાના રાજકોટ જવાના રસ્તે નરસિંહ મેતાભાઈ ગોલીતર ઉ.વ. ૨૫ રહે. નાના રાજકોટ વાળાના કાકાના દિકરા નિલેશભાઇ ગોલીતરના નામે કોઈએ ખોટી ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી તે આઈડીમાં આહિર સમાજના દેવાયત આપા બોદર વિશે ખરાબ કોમેન્ટ કરેલ હોય. જે અંગે નાના રાજકોટમાં આહિર સમાજ તેમજ ભરવાડ સમાજ વચ્ચે ઘષર્ણ થયેલ હોય. જે વાતનું મનદુઃખ રાખી કુલદિપ મુનાભાઈ, વિજય ઉર્ફે દદુ કરશનભાઈ, ભુપત ઉર્ફે મુન્નાવિરાભાઈ , માલદેવ ગીગાભાઈ કનાળાએ ગેરકાદયેસર મંડળી રચી છરી, તલવાર, લોખંડના પાઈપ જેવા હથિયાર ધારણ કરી નરસિંહભાઈને શરીરે આડેધડ મારમારી ડાબા હાથે તેમજ કોણીના નીચેના ભાગે અને ડાબા પગે ઘુટણ નીચે તથા જમણા પગના ઘુંટણ પાસે તથા વાસાના ભાગે તથા કમરના ભાગે નાની મોટી ઈજાઓ કરી વિજયભાઈ ગોલીતરને લોખંડનો પાઈપ હાથ ઉપર મારી મુંઢ ઈજા કરી નરસિંહભાઈએ પહરેલ આશરે ૨ તોલાનો સોનાનો ચેઈન મારામારી સમયે તુટીને નીચે રોડ ઉપર પડી જતાં કુલદિપ ચેઈન અપ્રમાણિકતાથી મેળવી લઈ નરસિંહભાઈની મિલ્કતનો દુર્વિનયોગ કરી હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની લાઠી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદમાં બે જુથ વચ્ચે મારામારી

### ઢીકાપાટુ, પાઇપ, છરી, લાકડાના ધોકા વડે મારમારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)જાફરાબાદ તુર્કી મસ્જીદ પાસે અબ્દે રહેમાન સબ્રાહીમભાઈ નરપાલીને ઈમરાન અકબરભાઈ, રાજા અકબરભાઈ, માહીર રાજાભાઈ, રેહાન રાજાભાઈ, ઈલુ હાજીભાઈ, અકબરનવાજ ઈલુભાઈ, મારૂક ઈમરાનભાઈ, તાદીપ ઈમરાન ભાઈ, અબુ ઈમરાનભાઈ સોરઠીયાએ પ્રાણઘાતક હથિયારો લઈ ગેરકાયદેર મંડળી રચી હુડલ કરી અબ્દે રહેમાન તથા તેના કુટુંબીઓને ગાળો બોલી ઢીકાપાટુ, લાકડાના ધોકા તથા પાઈપ અને છરી વડે અબ્દે રહેમાનને ડાભાહાથે ઈજા કરી ફકેચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપી દુકાનમાં નુકશાન કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે ઈમરાનભાઈ અકબરભાઈ સોરઠીયાને અબ્દે રહેમાન ઈબ્રાહીમભાઈ નરપાલી, ઈસ્પાક અબ્દે રહેમાન, અહેમદ અબ્દે રહેમાન, જુલફીકાર અબ્દે રહેમાન, નિશાર રહેમાન, સમીર રસુલભાઈ નરપાલી રહે. જાફરાબાદ તથા સબીર રહે. ઉનાવાળાએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા પ્રાણઘાત હથિયારોથી સજજ થઈ ગેરકાયદેસર મંડળી રચી હુડલ કરી ઈમરાનભાઈ તથા તેના કુટુંબીઓને ગાળો બોલી ઢીકાપાટુ, લાકડાના ધોકા તથા પાઈપ અને છરી વડે મુંઢમારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના પીઠવડી ગામની સીમમાં યુવાનને વિજશોક લાગતા મોત નિપજયું

### વાડીએ પાણી વાળતા વિજશોક લાગતા મોત નિપજયાનું જાહેર કરાયું

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામની સીમમાં જયદિપભાઈ રામકુભાઈ ચાંદુ ઉ.વ. ૨૩ પોતાની વાડીએ રચકામાં પાણી વાળતો હોય તે દરમ્યાન કુવામાંથી પાણી ખેંચવાની ઈલેક્ટ્રીક મોટર વડે ધોરીયામાં પાણી આવતુ હોય જે પાણીમાંથી યુવાનને વિજશોક લાગતા મોત નિપજયાનું પિતા રામકુભાઈ દેશાભાઈ ચાંદુએ સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# સાવરકુંડલા આસોપાલવ સોસાયટીમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાઇ ગયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)સાવરકુંડલા હાથસણી રોડ આસોપાલવ સોસાયટીમાં જાહેરમાં હારજીતનો જુગાર રમતા અનિલ લાભુભાઈ, ધર્મેશભાઈ અનિલભાઈ, અર્જુન અનિલભાઈ , મહિપત લાભુભાઈ સોલંકી તથા સાગર કિશોરભાઈ પરમારને હે.કોન્સ. અમાનભાઈ કાજીએ રોકડ રૂા. ૩૩૬૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

# રાજુલાના ધારેશ્વર ગામે પરિણીતાને ત્રાસ અપાયો

### બે મહિલા સહિત પાંચે મેણા મારી ત્રાસ આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)રાજુલા તાલુકાના ધારેશ્વર ગામે રહેતી ગીતાબેન રવિભાઈ પરમાર ઉ.વ.૩૨ ને તા.૧-૮-૧૮થી તા.૩-૫-૨૪ દરમ્યાન રવિ જેસીંગભાઈ, જયાબેન જેસીંગભાઈ, મયુર જેસીંગભાઈ પરમાર, કવિતાબેન લાલજીભાઈ વિંઝુડા, લાલજી કાળાભાઈ વિંઝુડાએ ઘર કામ તથા કરિયાવર અંગે મેણા મારી શારિરીક અને માનસિક ત્રાસ આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લાઠીના શાખપુર ખોડિયાર મંદિર પાસેથી બાઇક ચોરાયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)લાઠી તાલુકાના શાખપુર ગામે ખોડિયાર માતાજીના મંદિર પાસે સુમનભાઈ દિલીપભાઈ મકવાણાનું સ્પ્લેન્ડર પ્લસ જી જે ૦૪ સીએચ ૩૯૪૧ રૂા. ૩૦૦૦૦ની કિંમતનું કોઈ ચોરી ગયાનું દામનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગ્રહોની ચાલ





રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨૮.૫.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ વૈશાખ વદ પાંચમ, ઉત્તરાષાઢા નક્ષત્ર , બ્રહ્મ યોગ, ગર કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) રહેશે.

## અર્ધ જાગૃતમનની શક્તિથી સમગ્ર બ્રહ્માંડની ચેતના અનુભવી શકાય છે!!

ઘણા મિત્રો લો ઓફ એટ્રેક્શન અને અર્ધ જાગૃતમનની શક્તિ વિષે પૂછતાં હોય છે જે વિષે અગાઉ મેં વર્કશોપ અને સેમિનાર પણ લીધા છે આપણા શાસ્ત્રોમાં પણ મનની અગાધ શક્તિ વિષે વિસ્તારથી વાત કરવામાં આવી છે અને જો યોગ્ય રીતે આ પદ્ધતિને અપનાવવામાં આવે તો અવશ્ય સારું પરિણામ આપે છે પરંતુ આ માટે પહેલા તો તેના નિયમ સમજી લેવા પડશે માત્ર વિચાર કરવાથી પરિણામ નથી મળતું પણ આ નિયમને ઊંડાણપૂર્વક સમજવો જરૂરી છે. કોઈ પણ વસ્તુને ભાવપૂર્વક અનુભવવાથી તમે તમારા લક્ષ તરફ જઈ શકો આ ભાવ ઉત્પન્ન કરવાનું કાર્ય ચંદ્ર કરે છે કેમ કે આપણા લાગણીમય શરીરનું પ્રભુત્વ ચંદ્ર પાસે છે ચંદ્ર જળ છે અને જળના પ્રયોગનો લો ઓફ એટ્રેક્શન અને અર્ધ જાગૃતમનની શક્તિના પ્રયોગોમાં મહત્વનો ફાળો છે જે આપણા ષિમુનિઓએ વિસ્તારથી દર્શાવ્યો છે અને એ ટેક્નિક હું વર્ષોથી અનેક લોકોના



કેઈસમાં સફળતાપૂર્વક લઇ ચુક્યો છું.અર્ધ જાગૃતમનની શક્તિથી સમગ્ર બ્રહ્માંડની ચેતના અનુભવી શકાય છે!!. અર્ધજાગૃતમન જોવા માટે જન્મકુંડળીમાં ત્રીજું સ્થાન જોવું પડે જેના સ્વામી બુધ મહારાજ છે આ સ્થાન દુષિત થતું હોય ત્યારે વ્યક્તિ જલ્દીથી લો ઓફ એટ્રેક્શન અને અર્ધ જાગૃતમનની શક્તિનો ઉપયોગ કરી શકતો નથી પરંતુ બુધને બળવાન કરવાથી આ શક્તિઓનો બખૂબી ઉપયોગ કરી શકાય છે અને માટે જ જે ઓશો સહીતના જે જે આચાર્યોએ લો ઓફ એટ્રેક્શન અને અર્ધ જાગૃતમનની શક્તિની વાત કરી છે તેમની જન્મકુંડળીમાં ચંદ્ર અને બુધ કોઈને કોઈ રીતે સંપર્કમાં આવે છે અને બળવાન બને છે! મારા વર્ષોના જ્યોતિષ સંશોધનમાં મેં જોયું છે કે જો ચંદ્ર અને બુધને યોગ્ય રીતે બળ આપવામાં આવે તો યુનિવર્સના અ અનલિમિટેડ પાવરને અનુભવી શકાય છે અને જીવનને એક ઉંચાઈ પર લઈ જઈ શકાય છે!

મેષ (અ,લ,ઈ) : આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.
વૃષભ (બ,વ,ઉ) : ભાગ્યની દેવી રીઝતી જણાય,નવીન તક હાથ માં આવે,ધાર્યા કામ પાર પાડી શકો .
મિથુન (ક,છ,ઘ) : મનમાં ચીડિયાપણું રહે ,માનસિક વ્યગ્રતા રહે,મન નું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.
કર્ક (ડ,હ) : ભાગીદારીમાં કામ કરતા મિત્રો ને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
સિંહ (મ,ટ) : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
કન્યા (પ ,ઠ ,ણ ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,મનની વાત વ્યક્ત કરી શકો. દિવસ ખુશનુમા વીતે.
તુલા (ર,ત) : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો ,દિવસ આનંદ માં પસાર કરી શકો.
વૃશ્ચિક (ન ,ય ) : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય,નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.
મકર (ખ ,જ ) : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો,વેપારીવર્ગને સારું રહે, સ્ત્રિવર્ગને મધ્યમ રહે,કામકાજમાં સફળતા મળે.
કુંભ (ગ ,સ,શ ) : ખર્ચ પર અંકુશ રાખવો પડે,આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.
મીન (દ ,ચ ,ઝ ,થ): નસીબ સાથ આપતું જણાય , આકસ્મિત લાભ થાય,ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

## તારે સગાઇ તથા લગ્ન મારી સાથે જ કરવા પડશે

# રાજુલાના મોરંગીમાં યુવતિને મોબાઇલમાં ધમકી આપી

### યુવતિ તથા તેના ભાઇને ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

રાજુલા તાલુકાના મોરંગી ગામે દયાબેન છનાભાઈ જોગદીયા ઉ.વ.૨૩ ને તા.૪-૪-૨૪ના મહુવા તાલુકાના રાજાવદર ગામના વિપુલ હરજીભાઈ બાબરીયાએ તેના મોબાઈલ માંથી યુવતિને મોબાઈલમાં ફોન કરી કહેલ કે તારે સગાઈ તથા લગ્ન મારી સાથે જ કરવા પડશે. નહીંતર તને તથા તારા ભાઈને જાનથી મારી નાખીશ. તેવી ધમકી આપ્યાની ડુંગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ઘર પાસે ગાળો બોલવાની ના પાડતા

# દેવળકીમાં યુવતિ અને તેના ભાઇ ઉપર હુમલો

### છરી, લાકડી અને ઢીકાપાટુ વડે મારમાર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

દેવળકી ગામે રહેતી સરોજબેન વિરજીભાઈ સોંદરવા ઉ.વ.૩૦ના ઘરે સાવન રામજીભાઈ સોંદરવા હથિયાર ધારણ કરી ગેરકાયદેસ ઘરે પ્રવેશ કરી સરોજબેન તથા તેના ભાઈને ગાળો બોલતા ગોળો બોલવાની ના પાડતા ભાઈને માથામાં છરી મારી રામજી પ્રેમજીભાઈ સોંદરવાએ આવીને લાકડી વડે મારમારી ભુપત ડાયાભાઈ , રામજીનો નાનો દિકરો, વિમલ ભુપતભાઈ, અનિલ ડાયાભાઈ, કાનો જીવણભાઈ, રવિ કાનાભાઈ, જમનાબેન ભીમજીભાઈ સોંદરવાએ વારાફરતી આવી ભાઈ બહેનને આડેધડ ઢીકાપાટુનો મુંઢ મારમારી એકબીજાએ મદદગારી કરી હથિયાર બંધી જાહેર નામાનો ભંગ કરી ગુનો કર્યાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં ચાર મોબાઇલ ચોરાયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)સાવરકુંડલા તાલુકાના કાનાતળાવની નર્સરી પાસે કેરીના બોકસ ભરી રીક્ષામાં ફેરી કરવા ગયેલ ધારગણી ગામના વલ્લભભાઈ રાવતભાઈ ચારોલીયાનો વીવો કંપનીનો રૂા.૧૩,૪૯૦ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે ધારી નર્મદેશ્વર મંદિર પાસે ભત્રીજાને લઈને દર્શન કરવા ગયેલ શૈલેષભાઈ મનુભાઈ ધાખડાનો રેડમી કંપનીનો રૂા.૧૬,૪૯૯ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ખાંભાના નાના બારમણ ગામે કાંતિભાઈ દુદાભાઈ પરમારનો ઓપો કંપનીનો રૂા.૧૩,૫૦૦ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની ખાંભા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી છે. સાવરકુંડલા પીકઅપ બસ સ્ટેન્ડ પાસે દેવચંદભાઈ ભવાનભાઈ હિરપરાનો રેડમી કંપનીનો રૂા. ૬૫૦૦ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૩૮ થી ૧૪૪૯ મગફળી ૧૦૦૦ થી ૧૧૮૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૦૦-૧૨૦૦
શિંગમોટી-૧૦૦૦-૧૧૮૦
મકાઈ-૪૦૫-૫૫૨
તલસફેદ-૧૮૫૦-૨૮૭૦
તલકાળા-૨૫૦૦-૩૨૫૫
એરંડા-૯૬૦-૧૦૪૮
ઘઉંટુકડા-૪૫૦-૫૮૦
ઘઉંલોકવન-૪૪૫-૫૮૩
મરચાલાંબા-૬૦૦-૨૨૦૦
ચણા-૯૫૦-૧૩૩૧
કપાસ-૯૩૮-૧૪૯૪
મેથી-૭૨૫-૧૨૩૧
જીરૂ-૨૫૦૦-૫૭૩૦
ધાણા-૯૦૦-૧૪૦૦
સોયાબીન-૮૧૦-૮૮૬
તુવેર-૧૭૦૦-૧૯૯૫
રાય-૧૧૦૦-૧૩૨૫

**અમરેલી શાકભાજી**
બટેટા-૪૦૦-૪૮૦
રીંગણા-૩૦૦-૪૦૦
ફ્લાવર-૫૦૦-૬૦૦
કોબીઝ-૧૯૦-૨૬૦
ટમેટાં-૪૦૦-૫૫૦
વટાણા-૧૬૦૦-૧૮૦૦
ગાજર-૩૦૦-૪૦૦
ગલકા-૨૦૦-૩૦૦
કાકડી-૨૦૦-૪૦૦
ગુવાર-૫૦૦-૮૦૦
દુધી-૧૬૦-૨૧૦
તુરીયા-૬૦૦-૮૦૦
ભીડો-૪૦૦-૬૦૦
આદુ-૨૨૦૦-૨૪૦૦
કોથમીર-૬૧૦-૬૧૦
મેથીભાજી-૭૩૦-૮૩૦
ટીંડોરા-૨૦૦-૩૦૦
લીમડોમીઠો-૧૨૦-૧૬૦
મરચાલીલા-૪૨૦-૭૨૦
લસણસુકું-૩૦૫૦-૪૦૫૦
લીંબુ-૮૦૦-૧૪૦૦
પાલક-૪૦૦-૫૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૧-૫૦૫
જુવાર-૪૫૦-૯૬૬
ઘઉં-૪૯૫-૫૪૦
ધાણા-૮૦૦-૧૦૦૦
ચણા-૧૧૦૧-૧૩૩૨
મકાઈ-૫૦૧-૬૧૧
મગ-૧૫૬૧-૧૬૫૧
જીરૂ-૫૩૫૩-૫૭૨૫
કપાસ-૯૦૦-૧૪૭૫
તુવેર-૧૭૦૬-૧૯૬૧
મેથી-૯૦૦-૧૦૫૩

**મહુવાયાર્ડ**
ઘઉં-૩૦૦-૬૬૩
ડુંગળીલાલ-૧૧૦-૨૯૬
ડુંગળીસફદે-૨૦૦-૩૩૬
તલસફેદ-૧૯૯૯-૨૭૯૫
તુવેર-૧૧૪૫-૨૨૮૮
અડદ-૧૧૩૫-૧૮૯૦
ચણા-૧૧૫૭-૧૩૩૯
નાળીયેર-૪૯૭-૧૭૦૦
મગ-૧૫૦૦-૧૬૮૫
કપાસ-૮૬૬-૧૪૪૪
મકાઈ-૨૦૨-૪૪૦

**બાબરા**
કપાસ-૧૧૫૦-૧૪૬૦
મગ-૧૪૪૦-૧૫૭૦
ચણા-૧૧૭૫-૧૩૨૫
ઘઉં-૪૯૪-૫૩૬
એરંડા-૯૧૦-૧૦૦૦
જીરૂ-૪૨૩૦-૬૦૦૦
મગફળી-૧૧૩૦-૧૧૯૦
તલકાળા-૨૭૧૫-૩૧૨૫
જુવાર-૫૯૦-૭૦૦

**ધારી**
કપાસ-૧૨૦૦-૧૨૫૫
તુવેર-૧૯૭૦-૧૯૭૦
જીરૂ-૪૧૦૦-૫૦૯૦
તલ-૧૯૨૧-૨૬૨૫
ચણા-૧૦૯૬-૧૩૦૦
ઘઉં-૪૪૫-૫૧૭
એરંડા-૧૦૫૧-૧૦૬૨
સોયાબીન-૭૭૫-૮૭૭
જુવાર-૬૫૫-૬૫૫

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૨૧-૧૨૪૧
તલસફેદ-૨૫૦૦-૨૭૫૧
જીરૂ-૫૦૦૦-૫૮૦૦
તુવેર-૨૦૦૦-૨૧૮૬
કપાસ-૧૩૦૦-૧૫૦૪
ઘઉં-૪૬૦-૫૪૬
મેથી-૯૦૦-૧૧૪૧
ધાણા-૧૦૦૦-૧૩૦૦
ચણા-૧૨૦૦-૧૩૪૪
બાજરો-૪૦૧-૪૭૮
જુવાર-૬૦૦-૯૧૯

**ખાંભા**
કપાસ-૧૧૪૫-૧૪૫૧
જુવારપીળી-૩૪૨-૩૪૨
ચણા-૧૨૫૨-૧૨૭૫
ઘઉં-૪૩૬-૪૩૬
એરંડા-૧૦૬૦-૧૦૬૦
મકાઈ-૪૫૦-૪૫૦
જુવારસફેદ-૮૪૬-૮૪૬
જીરૂ-૫૬૭૯-૫૬૭૯

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૫૦૦
તુવેર-૧૯૦૦-૧૯૦૦
જુવાર-૩૬૫-૩૬૫
ઘઉંલોકવન-૪૫૨-૫૨૨
ઘઉંટુકડા-૪૩૦-૫૧૭
મગ-૧૪૦૦-૧૬૩૧
ચણા-૧૦૧૫-૧૦૭૦
ધાણા-૧૧૧૧-૧૨૩૦
શીંગફાડા-૧૩૪૦-૧૫૫૦
સોયાબીન-૬૪૦-૮૬૫
મેથી-૧૦૧૫-૧૦૭૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૩૫૦-૫૬૦
દાડમ-૧૨૦૦-૨૦૦૦
મુસંબી-૬૦૦-૧૨૦૦
સંતરા-૧૫૦૦-૨૦૦૦
કીવી-૩૮૦૦-૫૪૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૫૦૦
કેરી-૧૦૦૦-૨૦૦૦
ટેટી-૨૦૦-૪૨૦
કેળા-૩૫૦-૬૦૦
પોપૈયા-૪૦૦-૬૦૦
સફરજન હિમાચલ-
સ. કાશ્મીર-૨૫૦૦-૩૫૦૦
અનાનસ-૧૪૦૦-૧૮૦૦

**લીલીયા**
કપાસ-

### અમરેલી આજનુ તાપમાન

મહ ામ તાપમાન ૪૨
ન્યુનતમ તાપમાન ૨૭.૮
ભેજનું પ્રમાણ ૭૦
પવનની ગતિ સરેરાશ-.૧૦.૯

# અમરેલીનાં ખડખંભાળીયા ગામે સેકન્ડ ઓનરનું છોટા હાથી આપી છેતરપીંડી કરી

## અમરેલી ગ્રાહક સુરક્ષા ફોરમમાં ફરિયાદ થતા વળતરની રકમ ૬ ટકા વ્યાજ સાથે ચુકવી આપવાનો હુકમ કરાયો



અમરેલી, અમરેલી તાલુકાનાં ખડખંભાળીયા ગામનાં રાવતભાઈ ભાણાભાઈ વાળાએ સામાવાળા મેનેજર ચાર્ટડ મોટર્સ પ્રા.લી.ટાટા મોટર્સ શો-રૂમ રાજકોટ હાઈવે રોડ વરતેજ તા.જી.ભાવનગર શો-રૂમથી ધંધા માટે છોટા હાથી ખરીદ કરેલ. તા.૩-૫-૧૭નાં ખરીદેલ તેમજ મેન્યુઅલ બુક પણ આપવામાં આવેલ અને સર્વિસ બુકમાં આપેલ ત્યાર બાદ રાજકોટ સર્વિસ કરવા ગયેલ ત્યારે જાણ થયેલ કે, છોટા હાથી નવુ ખરીદ કરેલ છે તે સેકન્ડ ઓનર વાહન છે. એટલે પહેલાના નામે હતુ અને તેના નામેથી ફરિયાદીનાં નામે કરવામાં આવેલ તેની જાણ થતા ખબર પડી કે આ વાહન નવું નથી. શો-રૂમ વાળાએ જુનુ વાહન પુરી રકમ લઈ નવા વાહન તરીકે આપી છેતરપીંડી કરેલ. જેથી ટાટા મોટર્સ સામે અમરેલી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ભાવનગરનાં શો-રૂમવાળા ઉપર ફરિયાદ કરેલ. અમરેલી ગ્રાહક સુરક્ષા અરજ નં.૮/૧૮ થી ફરિયાદ કરેલ જેમાં તા.૨૫-૧-૨૧નાં ફરિયાદીનાં લાભમાં હુકમ કરેલ અને વળતરની રકમ રૂા.૫૮ હજાર તેમજ ૬ ટકા વાર્ષિક વ્યાજ સાથે ચુકવવા હુકમ કરેલ.

# બગસરા પાલિકાનાં અધિકારીઓ ઓફીસનાં સમયે હાજર હોતા નથી

## લોકો અને વેપારીઓ ધરમ ધક્કા ખાઇ ત્રાહિમામ પોકારી ઉઠતા કલેક્ટર અને પ્રાદેશીક કમિશ્નરને રજુઆત

બગસરા, (રૂપેશ રૂપારેલીયા)

વેપારીઓ તથા શહેરનાં લોકો બગસરા નગરપાલિકાનાં સમય અનુસાર જતા અધિકારીઓ ઓફિસનાં સમયે હાજર હોતા નથી. લોકોને અનેક વખત ધરમ ધક્કા ખાઈને પોતાના કામ કરાવવા મજબુર બનેલા લોકો તેમજ વેપારીઓ પાલિકાનાં પદાધિકારીઓ અને શાખા અધિકારીઓથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

એક કામ માટે બે થી ત્રણ વખત ધક્કા ખાવા પછી કામનો નિવેડો આવે છે. હાજર કર્મચારી કહે છે સહી કરેલ નથી અને શાખા અધિકારી આવે ત્યારે આવજો. નગરપાલિકાનાં છ મહિનનાં સીસીટીવી ફુટેજની તપાસથી હાજરી પત્રક તેમજ ઓફિસનો સમય મેળવ્યા તો આ સમગ્ર ઘટના જે તે જવાબદાર ગેરહાજર હોય તેવા અધિકારી, પદાધિકારીઓ તેમજ કર્મચારીઓ ક્યા સમયે ઓફીસે આવેલ તેમા દોષીતો ઉપર તાત્કાલીક ધોરણે સરકારશ્રીનાં નિતી નિયમો અનુસાર કાર્યવાહી કરવા બગસરા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જિલ્લા કલેક્ટર અને ભાવનગર પ્રાદેશીક કમિશ્નરને રજુઆત કરવામાં આવી છે.

કેળવણીકારશ્રી વસંતભાઇ ગજેરા દ્વારા

# વાત્સલ્યધામ કામરેજમાં ગરીબ મા-બાપ વિનાના બાળકોને વિનામુલ્યે પ્રવેશ અપાશે

## ગરીબ જરૂરિયાતમંદ મા-બાપ વિનાના બાળકોને મોકલવા અનુરોધ કરાયો



સુરત, સુરતમાં આવેલ વાત્સલ્ય ધામ સંસ્થા શ્રી વસંતભાઈ ગજેરા દ્વારા વિનામુલ્યે સેવા આપે છે. જેમાં મા-બાપ વિનાના ગરીબ જરૂરિયાતમંદો બાળકોને શિક્ષણ સાથે રહેવા જમવા કપડા સહિતની વિનામુલ્યે સુવિધા ધો. ૧ થી ૧૨ સુધી આપવામાં આવે છે. બાળક શારિરીક રીતે વૈચારિક રીતે મજબુત થાય અને સ્કીલ હરકર બની શકે અને પોતાના પગ ઉપર નિર્ભર થઈ શકે તે માટે અહીં વ્યવસ્થા છે. ૧૩૦૦થી વધુ બાળકો ભણે છે. ૩૦૦થી ૪૦૦ જેટલી દિકરીઓ છે. ગુજરાતના કોઈપણ ગામડે આવા બાળકો હોય તેને વાત્સલ્યધામ કામરેજ સુધી પહોંચાડવા અને વધુ વિગત માટે મો.૯૭૧૪૮ ૨૩૬૦૫નો સંપર્ક કરવા શ્રી વસંતભાઈ ગજેરાએ અનુરોધ કર્યો છે.

## અવસાન નોંધ

જુના વાઘણીયા

જુના વાઘણીયાના પટેલ લાલજીભાઈ ખોડાભાઈ ગોંડલીયાના પુત્ર પ્રવિણભાઈ ઉ.વ.૬૧ તે અશ્વિનભાઈના ભાઈ તથા સંજયભાઈના પિતાશ્રી અને નિરવ તથા જયદિપભાઈના મોટા બાપુજીનું તા.૨૭ના રોજ અવસાન થયું છે.

# રાજુલાનાં અમુલી બાબરીયાધાર સીમમાંથી લાશ મળી આવતા હત્યાનો ગુનો નોંધાયો

## પોલીસે ગુનો નોંધી એક આરોપીને ઝડપી લીધો : લાશનો રીપોર્ટ એફએસએલમાંથી માર મારવાનો આવ્યો

અમરેલી,

રાજુલા તાલુકામાં બાબરીયાધાર અને અમુલ ગામની સીમ વિસ્તારમાં મોડી ૨ દિવસ પેલા લાશ મળતા રાજુલા પોલીસ એલસીબી સહીત ટીમો દોડી તાપસ હાથ ધરી મૃતક મહુવા તાલુકાના દુધેરી ગામનો રહેવાસી જેન્તીભાઈ પાછાભાઈ શિયાળ ઉ. ૩૬ હોવાની માહિતી મળી હતી પ્રથમ રાજુલા હોસ્પિટલમાં ખસેડ્યા બાદ માથાનાભાગે ઈજાઓ હોવાને કારણે લાશ શંકાસ્પદ હોવાની પોલીસને આશંકા જતા રાજુલા પોલીસએ ઘટનાની ગંભીરતા સમજી ફોરેન્સિક રિપોર્ટ માટે ભાવનગર હોસ્પિટલમા ખસેડવામાં આવી છે મૃતકને માથાનાભાગે ઈજાઓ હોવાને કારણે પોલીસને હત્યાની આશંકા જય રહી હતી અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટિમ રાજુલા સર્વેલન્સ સ્કોડ સહિતની ટિમો જુદી જુદી દિશામાં તપાસ હાથ ધરી હતી મૃતકના પરિવારના નિવેદન લેવાયા હતા ત્યારબાદ ફોરેન્સિક રિપોર્ટ માટે લાશને ભાવનગર મોકલતા માર માર્યાનો રિપોર્ટ આવતા રાજુલા પોલીસએ ૩૦૨ મુજબ હત્યાનો ગુન્હો નોંધવામાં આવ્યો છે

### આરોપી સામે પોલોસ ફરિયાદ નોંધાઇ : તપાસ શરૂ

મૃતકના ભાઈએ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે જેમાં આરોપી વિહાભાઈની સાથે બાબરીયાધાર તથા અમૂલી ગામે વાડીમા ભાગવું રાખવા માટે ગયો હતો કોઈ પણ સમયે કોઈ કારણોસર આરોપી ઓ એ મૃતકને માથાનાભાગે બોથડ પદાર્થ વડે જીવલેણ ઘા મારી માથાનાભાગે ગંભીર ઈજાઓ કરી મોતને ઘાટ ઉતારી લાશ સિમમાં મૂકી આરોપી ફરાર થયો હતો આ ઘટનામાં રાજુલા પોલીસએ હત્યાનો ગુન્હો નોંધી ૧ વ્યક્તિને રાઉન્ડપ કરી પુછ પરછ હાથ ધરી છે હત્યાનું કારણ જાણવા પોલીસની કવાયત હાથ ધરી છે

# રાજકોટના પોલીસ અને મ્યુનીસીપલ કમીશ્નરની બદલી

## રાજકોટ મ્યુનીસીપલ કમીશ્નર આનંદ પટેલની પણ બદલી

અમરેલી, રાજકોટનાં બનાવને પગલે સરકારે તાત્કાલીક અસરથી પોલીસ કમીશ્નર રાજુ ભાર્ગવની બદલી કરી છે તેમની જગ્યાએ અમદાવાદ સીટીમાંથી બ્રીજેશકુમાર ઝાને મુક્યા છે જ્યારે મ્યુનીસીપલ કમીશ્નર આનંદ પટેલની બદલી કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ મામલામાં સાત અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં હતાં.

પહેલા પાનાનું

### દિપડો ઘુસ્યો

વન સંરક્ષકશ્રી શેત્રુજી વન્યજીવ વિભાગ પાલીતાણા શ્રી જયન પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ આર.એફ.ઓ.જાફરાબાદ શ્રી જી.એલ.વાઘેલાની સુચના મુજબ વનપાલ ટીંબી શ્રી વનરક્ષક શ્રી જી.ડી.ચૌહાણ વેટેનરી ડોક્ટરશ્રી જે.પી.દેસાઈ, ટ્રેકર્સ સ્ટાફ સહિતનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર પહોંચી યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરી પીંજરા તેમજ નેટ ગોઠવી ૧.૫ કિલોમીટર જેટલી લાંબી ગટરના અલગ-અલગ જગ્યાએથી ૭૦૩ દ્વારા ઢાંકણા ખોલી ઉપર જાળી ગોઠવી વેટેનરી ડોક્ટરશ્રી દ્વારા ટ્રાનવીલાઈઝર કરી તમામ સ્ટાફ દ્વારા સુરક્ષિત રીતે દીપડા ને બહાર દીપડો નર જીવ-૧ નો જીવ બચાવી લેવામાં આવેલ. વધુમાં અપીલ કરવામા આવે છે કે પાણી વાળા ખુલ્લા કૂવામાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વન્યપ્રાણી ફસાયેલ તો વન વિભાગ નો સંપર્ક કરવો વન્યપ્રાણીને બેચવા માટે કે આધાર માટે કશું આધાર ન હોય તો ખાટલાના ચારે પાયા બાંધી ખાટલો કૂવામાં ઉતારી વન્યપ્રાણી ખાટલા ઉપર બેસી જાય છે જેથી ખાટલા ઉપર બેસી આરામ કરી શકે છે અને તુરંત જ વનવિભાગને જાણ કરવી જેથી વન્યપ્રાણીઓ નો જીવ બચાવી શકાય. વન્યપ્રાણીઓ માનવજીવન માટે ખુબ જ મહત્વ ધરાવે છે. વન, પર્યાવરણ તથા વન્યજીવોનું રક્ષણ કરવુ દરેકની ફરજ સમજી સંરક્ષણ કરવું તેવી અપીલ વન તરફથી કરવામાં આવે છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# ઉનામાં યોગ સ્પર્ધકોએ મૌન જાળવી પ્રાર્થના કરી



ઉના, (નિરવ ગઢીયા) તાજેતરમાં રાજકોટ ખાતે ગેમ ઝોન દુર્ઘટનાના પગલે સમગ્ર ગુજરાતમાં દુ:ખનું મોજું ફરી વળ્યું છે. યુવાનો તથા બાળકો આ ઘટનામાં મોતને ભેટ્યા છે. આ દુ:ખ ના કાળમાં સૌ કોઈ એ આત્મા માટે તથા એમના પરિવારજનો માટે ભગવાન ને પ્રાર્થના કરતા હોય ત્યારે એસજીવીપી ગુરુકુલ દ્રોણશ્વર ખાતે ગુજરાત સરકાર આયોજિત ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્ય કક્ષાના યોગ સ્પર્ધકોએ સ્પર્ધાના પ્રારંભમાં બે મિનિટ મૌન અને ત્યારબાદ પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ આપી હતી. સૌ દિવંગત આત્માઓને ભગવાન શ્રી હરિ એમના શ્રી ચરણોમાં સ્થાન આપે તથા એમના પરિવારજનોને આશ્વાસન અને ધીરજ આપે એવી પ્રાર્થના તેવી પ્રાર્થના કરી હતી.

# જુનાગઢ મહાપાલિકા વિસ્તારમાં ગેરકાનૂની પાર્ટી પ્લોટ પ્રશ્ને રજુઆત

## નોટીસ આપી છતાં ફાયર સુપ્રિટેન્ડેન્ટે અમલવારી ન કરી

જુનાગઢ, (હિતેષ પારેખ)

ગેરકાનૂની પાર્ટી પ્લોટ ની અનેક રજૂઆત અમો એ કરેલ છે. અને ગેરકાનૂની પાર્ટી પ્લોટ અંદાજીત ૨૫ થી ૨૬ ની નોટીસ પણ જૂનાગઢ નાં ટી. પી એ કાયદા મુજબ આપેલ હતી. અને મહાનગર પાલિકા નાં ફાયર સુપ્રીટેન્ડ એ આ નોટીસ ની અમલવારી પણ કરેલ હતી પણ એન કેન પ્રકારે ગેરકાનૂની પાર્ટી પ્લોટ ની પાસે થી નાણાકીય વ્યહવાર લઈને ટી.પી. અધિકારી એ પોતાની ઓફિસ માં ફાઈલો કાયદા ની વિરુદ્ધ પોતાની પાસે રાખેલ છે તેવું અમારૂ વ્યક્તિગત છે.

અને આ અંગે નાં મહાનગર પાલિકા ના ફાયર સુપ્રીટેન્ડ શ્રી એ ટી.પી. અધિકારી શ્રી ના રીપોર્ટ પણ આપી દિધેલ છે બંને અધિકારી ઓ ને રૂબરૂ બોલાવી કાયદા મુજબ પગલાં લેવા પ્રજા નાં હિત માં અને ન્યાય નાં હિત માં અમારી લેખિત માં રજૂઆત કરી માનસર અરજ છે કે તાજેતરમાં જે રાજકોટ માં બનાવ બનેલ છે તેઓ બનાવ જૂનાગઢ માં ના થાય. જૂનાગઢ માં જે ગેરકાનૂની પાર્ટીપ્લોટ છે તે બિનખેતી થયેલ નથી ફાયર એ.નો.સી. પણ લીધેલ નથી. કલેક્ટર ના પરિપત્ર મુજબ આ પાર્ટીપ્લોટ સંપૂર્ણ ગેરકાયદેસર છે આ પાર્ટી પ્લોટ લગ્ન અને અન્ય પ્રસંગો માં હજારો ની સંખ્યા માં જનમેદની હોય છે અને જો આગ નો બનાવ થશે તો રાજકોટ થી વધુ નાં મોત અને ઈજાગ્રસ્ત થશે તેની સંપૂર્ણ જવાબદારી મહાનગર પાલિકા ની રહેશે. આ અંગે ની અનેક વાર રજૂઆત અમો એ કરેલ છે. એ તમામ અરજી ઓ આ સાથે છે. તો આ ગેરકાનૂની પાર્ટીપ્લોટ ની અર્જન્ટ અને ન્યાયિક તપાસ કરવા અને જેને પગલાં કાયદેસર નાં ભરેલ નો હોય તે અધિકારી નો રિપોર્ટ માન્ય કમિશનર શ્રી અને મેયર સાહેબ ને કરવા. અને આ ગેર કાનૂની પાર્ટીપ્લોટ નેતાકીદે સીલ મારવા ન્યાય ના હિત માં ખૂબ જ જરૂરી છે.

# રાજકોટના ત્રંબા ખાતે અભ્યાસ વર્ગ યોજાયો



અમરેલી, રાષ્ટ્રીય બજરંગદળ સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા વિર હિન્દુ વિજેતા હિન્દુ સંકલ્પ કર્યો છે અભ્યાસ વર્ગ રાજકોટ ખાતે ત્રંબા સ્વામિનારાયણ ગુરુકુળ ભાવનગર રોડ યોજાઈ ગઈ તા ૨૧/૫/૨૦૨૪/૨૬/૫/૨૦૨૪/ ના ઉદઘાટન સત્ર Dr પ્રવિણભાઈ તોગડીયા રાષ્ટ્રીય અધ્યક્ષ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય મંત્રી શ્રી રણછોડભાઈ ભરવાડ મા કામેદુ સિંહ રાઠોડ ગુજરાત પ્રદેશ સંયુક્ત મહામંત્રી પ્રાંત ઘગિજેરા સાહેબ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ કાબકુલ ભાઈ ખાખી સૌરાષ્ટ્ર પ્રાંત મહામંત્રી મા શશીકાંત પટેલ સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી માં નિર્મલ સિંહ ખૂમાણ સૌરાષ્ટ્ર પ્રાંત ઉપાધ્યક્ષ ગીરીશભાઈ ઘેલાણી પ્રાંત મંત્રી જયંતીભાઈ પટેલ સૌરાષ્ટ્ર પ્રાંત મંત્રી સંયુક્ત મહામંત્રી મા વસંત ભાઈ પટેલ સૌરાષ્ટ્ર પ્રાંત સંયુક્ત મહામંત્રી મા જયસુખભાઈ બુટાણી રાષ્ટ્રીય બજરંગદળ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ માં વનરાજસિંહ ખેર સૌરાષ્ટ્ર પ્રાંત મંત્રી બીજલ ભાઈ રબારી રાષ્ટ્રીય બજરંગદળ સૌરાષ્ટ્ર પ્રાંત મહામંત્રી જગદીશભાઈ વદોદરીયા મહેન્દ્ર ભાઈ તલાટીયા મહાનગર મહામંત્રી રાજકોટ વિગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાના ખાખબાઇ ધાતરવડી નદીમાં તરૂણનું ડુબી જતાં મોત

## નદીમાં ધુનામાં ન્હાવા પડતા ઉંડા પાણીમાં ડુબી જવાથી મોત થયાનું જાહેર કરાયું



રાજુલા, (જયદેવ વરૂ)

રાજુલા તાલુકાના ખાખબાઈ ગામના પાદરમાં ધાતરવડી નદીમાં વિક્રમ વિષ્ણુભાઈ ચૌહાણ ઉ.વ.૧૫ નદીના ઘુનામાં ન્હાવા પડેલ પોતાને તરતા આવડતું ન હોય જેથી અચાનક ઉંડા પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું કાકા માનસંગભાઈ છનાભાઈ ચૌહાણે રાજુલા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

અમરેલી જીલ્લામાં આવેલ રાજુલા તાલુકાના ખાખબાઈ ગામ નજીક પસાર થતી ધતારવડી નદીમાં કેટલાક યુવકો બાળકો કાળઝાળ ગરમી તાપમાન વચ્ચે નાહવા પડ્યા હતા આ નદીમાં નાહવા જતા પ્રથમ ૧ યુવક બચી ગયો હતો અન્ય એક બાળક ડૂબી જતાં તેમના પિતા સહિત લોકો દોડી આવ્યા હતા પરંતુ બાળક મળતો ન હતો જેના કારણે શોધખોળ કરવા માટે લોકો કામે લાગ્યા હતા આ ઘટમાં સ્થાનિક લોકોએ ધારાસભ્ય હીરા સોલંકીને જાણ કરતા ધારાસભ્ય તાત્કાલિક દોડી આવી નદીમાં છલાંગ લગાવી કુદયા હતા બાળકને શોધખોળ કરવા માટે ધારાસભ્ય અને કેટલાક તરવૈયા ટીમો કામ કરતી હતી આ વચ્ચે યુવકનો મૃતદેહ મળતા બહાર કઢાયો હતો મૃતદેહ બહાર કાઢી રાજુલા હોસ્પિટલમાં પીએમ માટે ખસેડવામાં આવ્યો છે મૃતક વિક્રમભાઈ વિષ્ણુભાઈ ચૌહાણ ઉમર ૧૬ અને ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે આ બાળક નદીમાં નાહવા જતા ડૂબી જવાના કારણે મોત થતા મૃતદેહ બહાર કાઢતા પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો ઘટનાને લઈ રાજુલા પોલીસની ટીમ ઘટના સ્થળે ડોડો આવી હતી ૧૦૮ નગરપાલિકાની ૨ એમ્બ્યુલન્સ દોડી આવી હતી અંતે મૃતદેહ મળતા સ્થાનિક લોકોમાં ભારે શોક છવાયો હતો અહીં ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, પુત્ર ભાવેશ સોલંકી, સાગરભાઈ સરવૈયા, કાનભાઈ ગોહિલ, ઉપસરપંચ સહીત સ્થાનિક આગેવાનો મદદ માટે દોડી આવ્યા હતા ઉપરાંત કોળી સમાજના યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

### ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકીએ તરવૈયાઓ સાથે ખુબ મહેનત કરી

ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ કહ્યુ રાજુલા બીડીકામદારમાં રહેતો વિક્રમભાઈ છોકરો ડૂબી ગયો હોય તેવા સમાચાર આવતા સ્થાનિક તરવૈયા સાથે મળી ખૂબ મહેનત કરી તન માથોડી પાણી હતું બહાર કાઢી લેવાયો છે તે થોડો મોડો મળ્યો છે આવા અવાર નવાર બનાવો બનતા હોય છે ત્યારે આવા વિસ્તારમાં જે લોકોને તરતા હોય તેવા લોકોએ જ જવું જોઈએ બાકી બીજા લોકોએ સાહસ ન કરવું જોઈએ

### અગાવ અહીં ૩ બાળકો ડૂબ્યા હતા

જે ઘટના બની છે તે જ જગ્યાએ અગાવ વર્ષો પહેલા આ ૩ બાળકો ડૂબી જવાના કારણે રાતભર શોધખોળ હાથ ધરી હતી ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તે સમયે રાત્રીના નદીમાં ખાબકયા હતા અને શોધખોળ હાથ ધરી હતી અંતે ૩ બાળકોના મોત થયા હતા નાહવા ગયા અને ઘટના બની હતી આજે ફરી એકજ જગ્યાએ નદીમાં બીજો બાળક નાહવા જતા મોત થયું છે જેના કારણે શોકમય માહોલ સર્જાયો છે.

# ગઢવી પરિવારની વ્હાલસોયી દિકરીનું અવસાન થતાં અંગદાન કરાયું

## રાજકોટ પોલીસમાં ફરજ બજાવતા શ્રી ગઢવીએ પ્રેરક ઉદ્દાહરણ પુરૂ પાડયું



અમરેલી,

સમાજમાં જ્યારે નાના માણસ દ્વારા લોક ઉપયોગી ઉમદા કાર્ય કરવામાં આવે છે, ત્યારે સામાન્ય રીતે સમાજના તમામ વર્ગના લોકો દ્વારા તેની નોંધ લેવામાં આવે છે. ઉપરાંત આવું પરોપકારનું કામ જ્યારે પોલીસ દ્વારા કરવામાં આવે છે, ત્યારે પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્ર ખરા અર્થમાં સાર્થક થાય છે. આવો જ એક કિસ્સો રાજકોટ ખાતે પ્રકાશમાં આવ્યો છે.

રાજકોટ શહેરમાં એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પોલિસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા રઘુવીરદાન અજીતદાન ઈશરાણિ (ગઢવી) ને સંતાનમાં આજથી છએક માસ પહેલા એક દીકરી આયલબા રઘુવીરદાન ઈશરાણિ (ગઢવી) નો જન્મ થયેલ હતો. દીકરી આયાલબાને અઠવાડિયા પહેલાં કિડની અને લિવર ની તકલીફ થતાં, તેને અમદાવાદ કિડની હોસ્પિટલ સારવાર માટે દાખલ કરેલ હતી.

સારવાર દરમિયાન ડોક્ટરો દ્વારા જરૂરી રિપોર્ટ કરી, નિદાન કરવામાં આવતા, દીકરી આયલબાની બનેં કિડની કામ કરતી ના હોય અને આગળ વધુ સારવાર કારગર નીવડે એમ ના હોય, જેથી હોસ્પિટલ ખાતેથી રજા આપી દીધેલ હતી. પરિવાર દ્વારા આયલબાને રાજકોટ કોઠારિયા નાકા ખાતે આવેલ દશા શ્રીમાળી હોસ્પિટલ ખાતે દાખલ કરેલ અને સારવાર ચાલુ રાખવામાં આવેલ હતી. જ્યાં સારવાર દરમિયાન તા. ૨૭.૦૫.૨૦૨૪ના રોજ વહેલી સવારે ડોક્ટર દ્વારા દીકરીને મરણ ગયેલ જાહેર કરેલ હતી.

ગઢવી પરિવારની વ્હાલસોયી દીકરી આયલબા નું અવસાન થતાં, પરિવાર દ્વારા આયલબાના અંગોનું દાન કરવાનું નક્કી કરી, ડોકટર પાસે ઈચ્છા વ્યક્ત કરતા, ડોકટર દ્વારા દીકરીની બંને આંખો ડોનેટ કરી શકાય, તેવું જણાવતા, પરિવાર દ્વારા દીકરીને બંને આંખ ડોનેટ કરવા નો નિર્ણય લેવામાં આવેલ હતો. આ બાબતે જી.ટી.શેઠ આંખની સિવિલ હોસ્પિટલ નો સંપર્ક કરી, રાત્રિ દરમિયાન ડોક્ટર ની ટીમ દ્વારા આંખ ની જરૂરી કાર્યવાહી કરી, માત્ર છ માસ ની દીકરી આયલબાની બને આંખ ડોનેટ કરવા માં આવેલ હતી. આયલબાના પિતા રઘુવીર દાન ગઢવી રાજકોટ શહેર પોલીસ ખાતે ફરજ બજાવે છે અને પોતાની પુત્રી ની આંખ ડોનેટ કરી, ખરા અર્થ માં સમાજ સેવક અને પ્રજા સેવક તરીકે સમાજ ને એક ઉદારણ પૂરું પાડી, બીજાના કોઈ બાળકને અંધાપો દૂર કરી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરી, એક ઉત્તમ ઉદાહરણ પણ પૂરું પાડેલ છે. પોલીસ કોન્સ. રઘુવીર દાન ગઢવી ની સેવાકીય ભાવનાની પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવ, જોઈન્ટ પોલીસ કમિશનર સુશ્રી વિધિ ચૌધરી, નાયબ પોલીસ કમિશનર શ્રી સજ્જન સિંહ પરમાર, શ્રી પાર્થરાજસિંહ ગોહિલ, શ્રી સુધીર દેસાઈ સહિતના પોલીસ અધિકારીઓ દ્વારા બિરદાવવામાં આવી હતી.

# તુલસીશ્યામના દર્શને પુર્વ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી



રાજુલા, સૌરાષ્ટ્રમાં મધ્યગીરમાં આવેલા તુલસીશ્યામ ખાતે આજે વહેલી સવારે ભાજપના પૂર્વ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણી તથા તેમની સાથે આવેલા સંતો શ્રી સેદલી મેંગણી માતાજી મંદિરના મહંત શ્રી વિજય મહારાજ તથા રમેશ મહારાજ તમામનું સન્માન ટ્રસ્ટી શ્રી અને ડેડાણ દરબાર એવા મહેશભાઈ કોટીલા તથા નાગેશ્રીના દેવુભાઈ વરુ દ્વારા તમામ સંતો મહંતોનો અને જીતુભાઈ વાઘાણી નું બહુમાન કર્યુ હતુ સંતો વિજય બાપુ તથા રમેશ બાપુ દ્વારા તુલસીશ્યામ નો ભૌગોલિક ઈતિહાસ તેમજ શ્યામ ભગવાનની સ્થાપના તથા શ્યામના પરચા તથા ડેડાણના દંતા કોટીલાના શ્યામ પ્રત્યે નો પ્રેમ ભાવ યાદ કર્યો શ્યામ ભગવાનના પ્રસંગો ઈતિહાસ જુનો યાદ કરી પ્રસંગો તાજા કર્યા હતા સંતો પાસેથી પુરાણો ઈતિહાસ સાંભળી શ્યામ સેવકો પણ મુ ધ થયા હતા શ્યામનાથ દર્શન કરી ખુબ પ્રભાવિત થયા હતા જીતુભાઈ વાઘાણીએ પણ શ્યામ ના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા અને ટ્રસ્ટ દ્વારા યાત્રિકો માટેની વ્યવસ્થા જોઈ રાજીપો વ્યક્ત કર્યો હતો જીતુભાઈ સાથે પધારેલા મહાનુભાવો શ્રી મહેશભાઈ રાવળ તથા ભરતભાઈ સોલંકી ભાવનગર તથા વિમલભાઈ ત્રિવેદી તથા અનકભાઈ વાળા ખાંભા તથા ભીખાભાઈ કોટીલા ઉપસ્થિત રહ્યા હતા કેમ તુલસીશ્યામ જગ્યા ના મેનેજર શ્રી ચિરાગભાઈ ગોંડલીયા ની યાદીમાં જણાવ્યું હતું.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# અદાણી પોર્ટસ મુંદ્રા ખાતે સૌથી મોટું જહાજ MSCAnna લાંગરવામાં આવ્યું : ભારતમાં આવનાર અત્યાર સુધીનું સૌથી મોટું મહાકાય જહાજ



ભુજ, ભારતની સૌથી મોટી પોર્ટ અને લોજિસ્ટિક્સ કંપની અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડના (APSEZ) ફ્લેગશિપ મુન્દ્રા પોર્ટે અત્યાર સુધીનું સૌથી મોટું કન્ટેનર જહાજ લાંગરીને વધુ એક રેકોર્ડ બનાવ્યો છે. સ્જીભ છહહચ નામનું જહાજ, ૨૬ મેના રોજ મુંદ્રા ખાતે ડોક કરવામાં આવ્યું હતું. આ ઘટના મુંદ્રા પોર્ટ જ નહીં. પરંતુ દેશના દરિયાઈ ઉદ્યોગ માટે પણ સીમાચિહ્નરૂપ છે. MSCAnna ની એકંદર લંબાઈ ૩૯૯.૯૮ મીટર (લગભગ ચાર ફૂટબોલ મેદાનની લંબાઈ) છે. તે 19,200 TEUS (કન્ટેનર) (વીસ-ફૂટ સમકક્ષ)ની મહાકાય ક્ષમતા ધરાવે છે. એક ભારતીય બંદર પર અત્યાર સુધીમાં લાંગરવામાં સૌથી તે મોટું કન્ટેનર જહાજ છે. તેનો ડ્રાફ્ટ ૧૬.૩ મીટર છે, જેને ફક્ત મુન્દ્રામાં જ સમાવી શકાય છે કારણ કે ભારતમાં અન્ય કોઈ બંદર ડીપ-ડ્રાફ્ટ જહાજને બર્થ કરવા સક્ષમ નથી. તેના મુંદરા પોર્ટ પર રોકાણ દરમિયાન અંદાજે 12.500 TEUS કન્ટેનરો એક્સ્ચેન્જ કરશે, જે મુંદ્રા પોર્ટના મોટા પાથે કાર્ગોનું કાર્યક્ષમ કરવાની ક્ષમતા દર્શાવે છે. જુલાઈ ૨૦૨૩માં મુન્દ્રા પોર્ટે વિશ્વના સૌથી લાંબા કન્ટેનર જહાજોમાંનું એક સ્ફ સ્જીભ હેમ્બર્ગને બર્થ કરીને રેકોર્ડ બનાવ્યો હતો. જેની એકંદર લંબાઈ ૩૯૯ મીટર અને ક્ષમતા 16,652 TEUS છે. તેનાથી વિશ્વના સૌથી મોટા જહાજોને હેન્ડલ કરવાની બંદરની ક્ષમતા દેખાય છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢ શહેરમાં રોફ જમાવતો નકલી એએસઆઇ ઝડપાઇ ગયો : ગુન્હો દાખલ

## જુનાગઢ શહેર વિસ્તારમાં રોફ જમાવતા સી-ડિવીઝન પોલીસે ઝડપી લીધો



જુનાગઢ, તા. ૨૬/૦૫/૨૦૨૪ના રોજ જુનાગઢ સી ડીવીજન પોલીસ સ્ટેશનના પો.સબ ઈન્સ. શ્રી આર.પી.વણઝારા સા ની સૂચના મુજબ સીડીવીજન પો.સ્ટે.ના ગુન્હા શોધક શાખાના પો.સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકિકત મળેલ કે જુનાગઢ ગાંધીગ્રામ, સિધ્ધી વિનાયહ હોસ્ટેલ પાસે એક ઈસમ પોલીસની વર્દીમાં આટાફેરા છે અને પોતે પોલીસ ખાતામાં કોઈ પણ નોકરી કરતા નથી આવી હકિકત તુરંત ઉપરોક્ત હકિકત વાળી જગ્યાએથી મજકુર શખ્સ-યુવરાજ રામશીભાઈ જાદવ રહે. હાલ-જુનાગઢ, ગાંધીગ્રામ, સિધ્ધી વિનાયક પી.જી. હોસ્ટેલ મુળ ગામ-મંડોર, પાણીના ટાંકા પાસે તા. વેરાવળ જી. ગીરસોમનાથ વાળાએ ગે.કા. રિતે કોઈપણ પ્રકારના પોલીસ રાજયસેવક તરીકે હોદો ધરાવતા ના તેમ છતા ખોટી રીતે પોલીસ ડિપાર્ટમેન્ટમાં એ.એસ.આઈ.ના હોદા ઉપર હોવાનો દેખાવ કરવા પોતે પોલીસ એ.એસ.આઈ. પહેરે તેવો યુનીફોર્મ પહેરી એ.એસ આઈ. તરીકેનું ખોટુ નામ ધારણ કરી જાહેરમાં નીકળી ગુન્હો કરેલ હોય જે અંગે અંત્રે સી ડીવીજન પોલીસ સ્ટેશન ખાતે મજકુર વિરુધ્ધ આઈ.પી.સી. ૧૭૦, ૧૭૧ મુજબનો ગુન્હો દાખલ કરી કાયદેસરની કરેલ છે.

# પશ્ચિમ બંગાળના દરિયા કાંઠે રેમલ વાવાઝોડાએ કર્યું લેન્ડ ફોલ : ભારે પવન સાથે મુશળધાર વરસાદ વરસ્યો

કોલકાતા,

ચક્રવાતી તોફાન રેમલને કારણે પશ્ચિમ બંગાળ અને ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ, આઈએમડી અનુસાર પવનની ગતિ ૧૨૦-૧૩૦ કિમી પ્રતિ કલાકની રહી શકે છે. દક્ષિણ બંગાળમાં એનડીઆરએફની ૧૪ ટીમો તૈનાત કરવામાં આવી છે. હવામાન વિભાગે કહ્યું છે કે ચક્રવાતી તોફાન રેમલને કારણે પશ્ચિમ બંગાળ અને ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ થવાનો છે. ચક્રવાતની લેન્ડફોલ પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. ચક્રવાત રેમલનું કેન્દ્ર દરિયાકિનારાથી લગભગ ૨૦ કિલોમીટર દૂર છે. આગામી ૩-૫ કલાક સુધી લેન્ડફોલ પ્રક્રિયા ચાલુ રહેશે. બાંગ્લાદેશ અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાં લેન્ડફોલ શરૂ થયું છે. 'રેમલ' ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાયું છે જેને કારણે ભારે પવન સાથે મુશળધાર વરસાદ શરૂ થયો છે.

**અમદાવાદ જિલ્લા શિક્ષણ વિભાગ સક્રિય થયુ, શહેરની દરેક શાળાઓમાં ફાયર સેફ્ટી અંગે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું**

**ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ**

મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેસની સગવડ — સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ

YAMAHA FASCINO-125



- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી

● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**

(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી

સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते

AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

પાના નં ૬

તા.૨૮-૦૫-૨૦૨૪ સોમવાર






(બાબરાવાળા) **આનંદ** કલોથ સ્ટોર

હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪






**આશાપુરા ફર્નીચર**

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૫૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧

૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો

દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## અમરેલીનાં ગૌરવ સમી આંતરરાષ્ટ્રિય કંપનીએ અમરેલીમાં વિશાળ આઉટલેટ ઉભો કર્યો

# અમરેલીમાં બ્લુ બુધ્ધા શો-રૂમનો ભવ્ય પ્રારંભ

**શ્રી દિલીપભાઇ સંઘાણીના મુખ્ય મહેમાન પદે ઉદ્દઘાટન સમારોહમાં બ્લુ બુધ્ધાનાં એમડીશ્રી સાહિલ ગોહેલ, શ્રી નારણભાઇ કાછડીયા, શ્રી અશ્વિનભાઇ સાવલીયા, શ્રી બી.એસ. કોઠીયા, શ્રી જેન્તીભાઇ પાનસુરીયાની ઉપસ્થિતિ : ડો. મનિષ વાકોતર, શ્રી વિપુલ રાણપરીયા, શોપ મેનેજર શ્રી જીજ્ઞેશ વાકોતરને વેપારીઓ, આગેવાનોએ શુભકામનાઓ પાઠવી**




અમરેલી,

ફેશનની દુનિયામાં અમરેલી પણ પાછળ નથી. લેટેસ્ટ ફેશન અને ટ્રેન્ડ પ્રમાણે અમરેલીમાં ઘર અંગાણે આધુનિક ફેશનેબલ વસ્ત્રો સાથે અનેક વેરાયટીઓનો ખજાનો પણ ઉપલબ્ધ બન્યો છે. અમરેલી શહેરમાં નવા બસ પોર્ટમાં શિતલ આઇસ્ક્રીમની સામે ૩૦ નંબરમાં આધુનિક જીન્સ શોરૂમ બ્લુ બુધાનું આજે ઇફકોના ચેરમેનશ્રી દિલીપ સંઘાણીની ખાસ ઉપસ્થિતિમાં ઉદ્દઘાટન સવારે ૯-૩૦ કલાકે થયું હતું. આ ઉદ્દઘાટન સમારોહમાં બ્લુ બુધ્ધાનાં એમડીશ્રી સાહિલ ગોહેલ, ઇફકોના ચેરમેનશ્રી દિલીપ સંઘાણી, સાંસદશ્રી નારણભાઇ કાછડીયા, અમર ડેરીના ચેરમેનશ્રી અશ્વિનભાઇ સાવલીયા, અમરેલી જિલ્લા બેન્કના જનરલ મેનેજર બી.એસ. કોઠીયા, અમરેલી નાગરિક બેન્કના ચેરમેન શ્રી જયેશભાઇ નાકરાણી, અમરેલી જિલ્લા બેન્કના ડિરેકટર બાબુભાઇ સખવાળા, અમરેલી અમર ડેરીના જનરલ મેનેજર ધાર્મિકભાઇ રામાણી, શ્રી જેન્તીભાઇ પાનસુરીયા, શ્રી ધીરૂભાઇ વાળા, રાજેશભાઇ માંગરોળીયા, સેન મેડમ, અલ્કાબેન ગોંડલીયા, રોટરી કલબ ઓફ અમરેલી ગીરના મેમ્બરો અને વેપારી મહામંડળ, અમરેલી ચેમ્બરના આગેવાનો તેમજ વિવિધ ક્ષેત્રના આગેવાનો વેપારીઓ સ્નેહી, મિત્રો, પરિવારજનો સહિત શુભચ્છકો ઉપસ્થિત રહ્યા હતાં અને શુભકામનાઓ પાઠવી હતી. ઉદ્દઘાટન કાર્યક્રમ માટે બ્લુ બુધા વતી ડો. મનિષ વાકોતર, વિપુલ રાણપરીયા, શોપ મેનેજર જીજ્ઞેશ વાકોતર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## અમરેલી માતૃશ્રી મોંઘીબા મહિલા કોલેજ બીએ સેમ. ૦૬નું ઉજ્જવળ પરિણામ આવ્યું

**૧૪૯ માંથી ૧૪૨ વિદ્યાર્થીનીઓએ ફર્સ્ટ કલાસ અને ડિસ્ટીંકશન મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું**



અમરેલી, અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ બીએ સેમ ૦૬ની પરિક્ષામાં ૧૪૯ માંથી ૧૪૨ વિદ્યાર્થીનીઓએ ફર્સ્ટ કલાસ અને ડિસ્ટીંકશન મેળવી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. જેમાં પ્રથમ બગડા કોમલ ભુપતભાઇ મતિરાળા (મુખ્ય સમાજ શાસ્ત્ર) ૮૨.૭૧ ટકા, દ્વિતીય ભાસ્કર વિભાલી નાનજીભાઇ વડેરા (મુખ્ય સમાજશાસ્ત્ર) ૮૨.૨૯ ટકા, તૃતિય બારૈયા ભુમિ રાજેશભાઇ જેસર (મુખ્સ સમાજશાસ્ત્ર) ૮૧.૮૬ ટકા મેળવતાં સંસ્થાના હોદેદારો, આચાર્ય તથા સ્ટાફે બિરદાવેલ છે.

## દિવ્યાંગ મહિલાઓની વોલીબોલ ટીમ રાજયકક્ષાએ ત્રીજા નંબરે વિજેતા

**મહિલા ટીમે અમરેલીનું રાજયમાં ગૌરવ વધાર્યું**



અમરેલી,

અમરેલી દિવ્યાંગ ની મહિલા વોલીબોલ ટીમ તારીખ ૨૪/૫/૨૦૨૪ ના રોજ રાજય કક્ષાએ ત્રીજા નંબરે વિજેતા જાહેર કરવામાં આવી તેબદલ અમારા બીપીનભાઇ ત્રીવેદી અને તેમના ગ્રુપના મેમ્બર ને અને અમરેલી ના તમામ ખેલાડી ઓ જેમાં અલ્કાબેન વસાણી બિનલબેન ટાંક નીતાબેન ચૌહાણ વેદુકાબેન કાનપરીયા રમાબેન જાદવ જાગૃતિબેન આ મહિલા ખેલાડીને દિવ્યાંગ ટીમ અને મુનાભાઇ રાઠોડ ખુબખુબ અભિનંદન પાઠવિયે છીએ બીપીનભાઇ ત્રીવેદી ના નેતૃત્વ હેઠળ અમરેલી જિલ્લામાં દસ મેડલ આવા રાજય કક્ષાએ મળેલ છે આથી બીપીનભાઇ ત્રીવેદી નો પણ ખુબખુબ આભાર માનેલ છે.

## રાજુલામાં ભટવદરના ગ્રામજનોએ ડેપ્યુટી કલેકટરશ્રીને રજૂઆત કરી

**મૃતકના પરિવારે પોલીસમાં અરજી પાઠવી : મરનારના પરિવારે સુત્રાપાડા પોલીસમાં અરજી પાઠવી**



રાજુલા, રાજુલાના ડેપ્યુટી કલેકટર ને ભટવદર ગામે યુવાન નરેશ જીવાભાઇ કોળી નું પોલીસ થી માર માર્યા રજૂઆત કરવા માટે જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી કરસનભાઇ ભીલ તથા તથા કારોબારી ચેરમેન શ્રી અનિરુદ્ધભાઇ વાળા તથા ગામના સરપંચ આગેવાનો રૂબરૂ મળી લેખિત રજૂઆત અને ન્યાય તપાસ કરવાની માંગણી કરી હતી. જ્યારે આલેખ આવશે નાગેશ્રી ખાતે આ ધારાસભ્ય હીરાભાઇ સોલંકી અને કોળી સમાજના આગેવાનો અને ગ્રામ્ય જનો ફરિયાદ લખાવવા માટે નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં ગયા હતા અને સ્થાનિક પોલીસને રજૂઆત કરી હતી પરંતુ સ્થાનિક પોલીસે અમારા કાર્યક્ષેત્રમાં બનાવ બન્યો નથી તેવું પોલીસે જણાવેલ હતું પરંતુ ફરિયાદ ન લેતા અને આ કાર્યક્ષેત્ર બનાવ સુત્રા પાડા પોલીસ સ્ટેશન નો બનાવ હોવાથી મોડી સાંજે આઠ કલાકે આ અંગેની લેખિત ફરિયાદ અને રજૂઆત મરનાર ના ભાઈઓએ તેમના પરિવાર સુત્રાપાડા પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે અને ડેડ બોડી હજી જુનાગઢ હોવાથી ભટવદર ગામે આવેલ નથી મને હજી પણ કોળી સમાજમાં અને ભટવદર ગામમાં રોષની લાગણી જન્મી છે અને જ્યારે પોલીસ ફરિયાદ લેશે ત્યારે જ ડેડબોડી લેવામાં આવશે તેમ તેમના પરિવારમાંથી અને કોળી સમાજમાંથી જાણવા મળેલ છે ૨૭/૦૫/૨૦૨૪, ૯:૫૩/ચસ - ણચશેંમ્છેઃ રાજુલા તાલુકાના સાસ બંદર ગામના યુવાન ૩૫૦૦ કિ.મી બદ્રીનાથ કેદારનાથ ની યાત્રા કરી સાસ બંદર આવતા લોકોએ સામૈયું કર્યું રાજુલા તાલુકાના સાસ બંદર ગામના ઉત્સાહી યુવાન ત્રણ મહિના પહેલા સાસ બંદરથી વિશાલભાઈ ગુજરીયા નામના ઉત્સાહી યુવાન પગપાળા બદ્રીનાથ કેદારનાથ યાત્રા કરી અને પ રત સાસ બંદર ગામમાં આવતા સમસ્ત સાત બંદર ગામના યુવાનો દ્વારા વિશાલભાઈ ગુજરીયા નું ઢોલ નગારા અબીલ ગુલાલ સાથે સામૈયું કર્યું હતું આ અંગે પત્રકારોએ પૂછતા જણાયું કે હું તડકા વરસાદ અને ઠંડી પડી રસ્તામાં હતા હું હિંમત હાર્યો ન હતો અને મારી એક જ નેમ હતી કે બદ્રીનાથ કેદારનાથ મારે યાત્રા પગપાળા જવું છે અને આજે હું બદ્રીનાથની યાત્રા કરી અને પ રત આવ્યો ત્યારે મને ખૂબ આનંદ થયો છે અને બદ્રીનાથ કેદારનાથના મારી ઉપર પૂરા આશીર્વાદ હોવાથી હું ક્યારેય રસ્તામાં બીમાર કે થાક પણ લાગ્યો ન હતો અને રસ્તો પણ મળી જતો હતો આમ મેં મારી જીવનની યાત્રા આ પગપાળાથી પૂર્ણ કરતા હવે હું મારા પાછા અગરિયાના કામે લાગી જઈશ આ સામૈયામાં ગામના માજી સરપંચ કાનજીભાઈ ચૌહાણ તથા વલ્લભભાઈ તથા જિલ્લા પંચાયતના સદસ્ય વિક્રમભાઈ શિયાળ ગ્રામજનો સામૈયામાં જોડાયા હતા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી એ પણ અભિનંદન પાઠવ્યા હતા.

## કુંડલામાં માતાજીના ૧૦૮ લોટા અને જ્ઞાતિ ભોજનનું આયોજન

**લોહાણા મહાજન પ્રેરિત રઘુવીર સેના દ્વારા આસ્થાભેર આયોજન**




સાવરકુંડલા, શ્રી લોહાણા મહાજન પ્રેરિત શ્રી રઘુવીર સેના દ્વારા આયોજિત માતાજી ના ૧૦૮ નું તેમજ સમૂહ જ્ઞાતિ ભોજન નું આયોજન કરવામાં આવ્યું આ પ્રસંગે લોહાણા જ્ઞાતિ ના આગેવાનો તેમજ દરેક જ્ઞાતિજનો એ સમૂહ ભોજન તેમજ માતાજી ના દર્શન નો લાભ લીધેલ તેમજ બહેનો દવારા સાંજે ૬ વાગ્યે ગરબા નું આયોજન કરવા માં આવ્યું રઘુવીર સેના પ્રમુખ હિતેશ સરૈયા દરેક જ્ઞાતિ જનો નો તેમજ દરેક દાતા શ્રીઓ નો તેમજ સભ્યો નો તેમજ લોહાણા મહાજન તેમજ દરેક સંસ્થા નો આભાર વ્યક્ત કર્યો હતો.

## અમરેલીના ચિતલ રોડ બુધ્ધ વિહારમાં બુધ્ધપુર્ણીમાં ઉજવાઇ

**બુધ્ધ વંદના સાથે પ્રાસંગિક પ્રવચનો કરાયાં**

અમરેલી,

અમરેલી ચીત્તલ રોડ બુધ્ધ વિહાર ખાતે બુધ્ધપુર્ણીમાંની ઉજવણી કરવામાં કાર્યક્રમની શરૂઆતમાં જે.પી.પડાયા દ્વારા બુધ્ધપુર્ણીમાંના મહત્વને જણાવતા બુધ્ધ અને તેનો જીવન પ્રત્યેનો વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણની હતી. કાર્યક્રમના વક્તા તરીકે ભગવાન મુકેશભાઈને બુધ્ધના સમગ્ર જીવન કવનને સમાનતાના શ્રેષ્ઠ માર્ગ તરીકે રજુ કરીને બુધ્ધને માનવતાનું ગૌરવ ગણાવ્યું હતું. કાર્યક્રમની સમાપ્તીએ, સૌએ ખીરનો પ્રસાદ લીધો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન જે.પી.પડાયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા બલડ ડોનેશન કેમ્પ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**રકતદાતાઓ ઉમટયા : મહાપ્રસાદનું ભવ્ય આયોજન**



રાજુલા,

પૂર્વ નગરપાલિકા પ્રમુખ દીપકભાઈ ઉર્ફે પિન્ટુ ભાઈ ઠક્કર નો જન્મદિવસ હોય તો તેમના જન્મદિવસ ના દિવસે એક સરસ મજાનું વૃક્ષારોપણ નો કાર્યક્રમ કરવા માં આવેલ અને જુદી જુદી જગ્યાએ વૃક્ષારોપણ વાવવામાં આવ્યું હતું તેમાં ખાસ ઉપસ્થિત પૂર્વ ધારાસભ્ય અંબરીશ ભાઈ ડેર તથા ચેમ્બર ઓફ કોમર્સ ગૌરાંગભાઈ મહેતા વિશ્વ હિન્દુ પરિષદના યુવરાજભાઈ ચાંદ તથા વેપારી હિતેશ રાયસા તથા ખાંભાવાળા અમિતભાઈ તથા અતુલભાઈ સેજ પાસે શૈલેષ સેજપાલ ચેતન દાદા તથા જયેશ દવે માજી ચેમ્બરના પ્રમુખશ્રી હકુભાઈ ઠક્કર તથા ભીખુભાઈ ઠક્કર રાજુભાઈ રાયસા તથા સાગર સરવૈયા લોકપ્રિય વિનુભાઈ શ્રીરામ આપણે આગેવાનો ગામ ના પ્રતિષ્ઠિત લોકો અને મિત્ર મંડળ અને વિશ્વ હિન્દુ પરિષદ ના પ્રમુખ તથા ઈજીજી ની નગર ની ટીમ સાથે એક સુંદર મજાનો વૃક્ષા રોપણ ના કાર્યક્રમ કરવા માં આવેલ અને દીપક ભાઈ ને જન્મ દિવસ શુભકામના આપવા માં આવેલ અને દીપક ભાઈ ઠક્કર આવી રીતે પ્રકૃતિ માટે સારા કામો કરતા રહે અને આ તકે દીપક મીડિયા સમક્ષ જણાવેલ કે જન્મ દિવસ ના દિવસે બીજા વધારા ના ખર્ચ કરિયા વિના પ્રકૃતિ વૃક્ષારોપણનું કાર્યક્રમ જ્યાં હોય ત્યાં મને કહેવું જેથી હું તો પણ અપાવી શકું એવી મારી

### અવસાન નોંધ

અમરેલી

રંજનબેન વિજયભાઇ ખીમાણી ઉ.વ.૫૮ તે હર્ષદરાય મોહનભાઇ ખીમાણીના પુત્રવધુ, વિજયભાઇ (લાલભાઇ) ખીમાણીના ધર્મપત્ની, અતુલભાઇ, માલાબેન, બકુબેન, તથા બિનાબેનના ભાભી, હિમા તથા કરણના માતૃશ્રી તા.૨૬-૫ને રવિવારના શ્રીજી ચરણ પામેલ છે.

### મોટા ઉજળામાં આઇટીઆઇ જવાનું કહી યુવતિ ગુમ

અમરેલી, (ક્રાઇમ રીપોર્ટર) મોટા ઉજળા ગામે આઇટીઆઇ જવાનું કહી યુવતિ ગુમ થયાનું યુવતિના પિતાએ વડિયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

## બગસરામાં શ્રી વરિયા વંશ પ્રજાપતિ સમાજની વાડીનું ભૂમિ પૂજન કરાશે

**નૂતન વાડી નિર્માણ અર્થે ભવ્ય ભુમી પૂજનનો કાર્યક્રમ યોજાશે**

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરા વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિ સમાજ ની નવ નૂતન વાડી નિર્માણ અર્થે ભવ્યાતી ભવ્ય ભૂમિ પૂજન કાર્યક્રમ તા.૦૩/૦૬/૨૦૨૪ને સોમવાર ના રોજ બગસરા નદિપરા ખાતે યોજાશે જેમાં ભૂમિ ના મુખ્ય દાતા શ્રી મોરણીયા પરિવાર અમદાવાદ ના વરદહસ્તે ભૂમિ ભૂજન કરાશે તેમજ આ કાર્યક્રમમાં વરિયા વંશ પ્રજાપતિ સમાજ ના તમામ વરિયા વંશ સમાજ ના આગેવાનો તેમજ તમામ ગુજરાત ભરના વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિ સમાજ ના પ્રમુખશ્રી તેમજ આ કાર્યક્રમ ના મુખ્ય મહેમાન તરીકે વિસાવદર ભૂતડી સંતવાણી આશ્રમ ના મહંત પ.પૂ.શ્રી ભક્તિરામ બાપુ તેમની આગવી શૈલીમાં તેમનું વક્તવ્ય આપશે તેમ બગસરા વરિયા વંશ પ્રજાપતિ સમાજ ના પ્રમુખ જીતેન્દ્રભાઈ જોટાણીયા અને મંત્રી સંજયભાઈ લાઠિયા એ જણાવેલ.

# ધારી-બગસરા-ખાંભાના ગામોમાં પેટા આરોગ્ય કેન્દ્રો મંજુર

## ધારાસભ્ય શ્રી કાકડીયાએ આભારની લાગણી વ્યક્ત કરી

અમરેલી ,

ધારી બગસરા ખાંભા વિસ્તારના ગામોમાં પેટા આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા છે તે બદલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, આરોગ્ય મંત્રીશ્રી ઋષીકેશ પટેલનો આભાર વ્યક્ત કર્યો છે. ધારીના ખીચા, કુબડા, ગોવિંદપુર, માલસીક્કા, હરીપરા, મોરજર, ધારગણી, બોરડી, બાલાપુર, વિઠ્ઠડીયા, જુના વાઘણીયા, શીલાણા, નાના મુજીયાસર, સાપર સહિત ના ગામોમાં હવે પેટા આરોગ્ય કેન્દ્રો શરૂ થશે તેમ ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયાએ જણાવ્યું છે.

# ચાંચ બંદરે પુર રક્ષણ દિવાલનાં નબળા કામને અટકાવાયા બાદ નિયમ પ્રમાણે કામ શરૂ થયું

## રેતી, કાકરીને બદલે દરિયાઇ ભુકી, ધુળ નાખવાના હોય જાગૃતિથી ભ્રષ્ટાચાર અટક્યો

રાજુલા,

રાજુલા તાલુકાના ચાંચ બંદર કામે ૨૦ દિવસ પહેલા અહીં પુર રક્ષક દિવાલ નું કામ શરૂ થતા સમગ્ર ગામમાં ભારે વિરોધ થયો હતો કારણકે એસ્ટીમેન્ટમાં રેતી અને કાંકરે સ્પષ્ટ લખેલા હતા છતાં કોન્ટ્રાક્ટર દ્વારા રેતીના બદલે દરિયાઈ ભૂકી ધૂળ ભેળવવા માટે કાંકરી પાસે સ્ટોક કર્યો હતો. જે અંગેની રજૂઆત ગામના માજી સરપંચે ફોટા સહિત અખબારી અહેવાલમાં આપી હતી આ એહવાલ પ્રસિદ્ધિ આ બાદ બીજા દિવસે દરિયા નો ધૂળ જેવી સફેદ રેતી નો ઢગલો હટાવી અને ઓરીજનલ કાળી રેતી નાખવામાં આવી હતી. આમ અખબારી અહેવાલ બાદ ભ્રષ્ટાચાર થતો અટકી ગયો હોવાનું ગામના માજી સરપંચ કાનજીભાઈએ આભાર માન્યો હતો.



## છેલ્લા પાનાનું નિર ખુટયાં

સદસ્યો સાથે રાખી ખાસ આયોજન કરવું કેવું આયોજન કરવું જોઈએ.

બીજી નાગેશ્રી પંથક ના કંથારીયા સરોવરડા કાગવદર બાલાની વાવ મીઠાપુર કોળી કંથારીયા સરકારે કંથારીયા દુધાળા ભટવદર એભલવડ જેટલા ગામડાઓમાં નવા બોરિંગ કરવામાં આવે જેથી હાલ મોટાભાગના ગ્રામ પંચાયતમાં બોર અને કુવા આધારિત છે પરંતુ આ યોજનાઓ પાણી વિના બંધ થઈ ગઈ છે ત્યાં હાલ પાણીની તંગી પડી ગઈ છે આ જાફરાબાદ તાલુકાના રાયડી ડેમની કામગીરી પણ રીપેરીંગ ચાલતી હોવાથી ડેમ પણ ખાલી છે તો સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે પશુધન અને માનવ માટે આગોતરું આયોજન કરે અને સરકાર દ્વારા ગ્રામ્ય તળાવો ભરવામાં આવે આયોજન છ મહિના પહેલા કર્યું હતું પરંતુ હજી સુધી પાઈપલાઈનની કામગીરી શરૂ થઈ નથી એ કામગીરી તાત્કાલિક કરાવી જોઈએ. જેથી મહિનો પાઈપલાઈન મારફત તળાવમાં પાણી ભરી શકાય ગ્રામ્ય વિસ્તારના સરપંચોમાંથી માંગણી ઉઠવા પામી છે વધુમાં ગામડાના પાણી પુરવઠા ના કુવા જે ગામમાં છે તે ઊંડા કરવાની યોજના પણ અમલમાં મૂકવી જોઈએ તેવી માંગણી પણ કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળા તથા જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન કરસનભાઈ ભીલએ કરી છે.

### નામ બદલાવેલ છે

આથી હું હથિયારી મોહમ્મદ હાતીમભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ હથિયારી મોહંમદહુશેન હાતીમભાઇ માંથી બદલાવીને હથિયારી મોહમ્મદ હાતીમભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું હથિયારી મોહમ્મદ હાતીમભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.
સહી : હથિયારી મોહમ્મદ હાતીમભાઇ
એડ્રેસ : વોહરાવાડ, મસ્જિદની પાસે, ગામ : ચિતલ, જી.અમરેલી - ૩૬૫૬૨૦

### નામ બદલાવેલ છે

આથી હું હથિયારી રશીદા મોહમ્મદ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ હથિયારી રસીદા મોહંમદહુશેન માંથી બદલાવીને હથિયારી રશીદા મોહમ્મદ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું હથિયારી રશીદા મોહમ્મદ (નવુ) તરીકે ઓળખાઇશ.
સહી : હથિયારી રશીદા મોહમ્મદ
એડ્રેસ : ૧૯૮૯, વોહરાવાડ, ગામ : ચિતલ, જી.અમરેલી - ૩૬૫૬૨૦

### નામ બદલાવેલ છે

આથી હું જલોરી યાસીન યુસુફભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ જલોરી મહમદયાસિન યુસુફભાઇ માંથી બદલાવીને જલોરી યાસીન યુસુફભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું જલોરી યાસીન યુસુફભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.
સહી : જલોરી યાસીન યુસુફભાઇ
એડ્રેસ : મહુવા રોડ, કિસાન ગેરેજ સામે, ગામ : રાજુલા, જી.અમરેલી - ૩૬૫૫૬૦

## દિલ્હીની તીસ હજારી કોર્ટે સીએમ કેજરીવાલનાં પીએ બિભવ કુમારની જામીન અરજી ફગાવી

### નામ બદલાવેલ છે

આથી હું કુબાવત અરવિંદભાઇ ઘેલારામભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ કુંબાવત અજયભાઇ ઘેલારામભાઇ માંથી બદલાવીને કુબાવત અરવિંદભાઇ ઘેલારામભાઇ કરેલ છે. અને હવે પછીથી હું કુબાવત અરવિંદભાઇ ઘેલારામભાઇ તરીકે ઓળખાઇશ.
કુબાવત અરવિંદભાઇ ઘેલારામભાઇ
લુંધીયા, તા.બગસરા, જી.અમરેલી


સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકત્તા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા
મિત્સ હોલીડેઝ ૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
બુકીંગ માટે સંપર્ક કરો... મો. ૯૭૨૫૯ ૮૨૧૯૩

એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
• SI • ફાયર સેફ્ટી • ANM • GNM • BSC • PBSC • D.PHARM
SC ST વિદ્યાર્થી ને સ્કોલરશીપ
ધો.૧૦ ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડમાં પરીક્ષા આપી ઉજ્વળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી ૭૦૪૩૮ ૧૯૯૫૬
lakshyaeducationamreli@gmail.com
https://lakshyaeducation.org.in/
LAKSHYA EDUCATION
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જુનાગઢ, અમદાવાદ

જય ઉમિયા માતાજી ૐ નમો નારાયણ જય નાગનાથ મહાદેવ 94281 90118
ઉમિયા ફેશન
એક જ ભાવ સાઇઝ S TO 5XL
ઉનાળામાં પણ ઠંડકનો અહેસાસ ઉમિયાનું ઉનાળુ કલેક્શન છે ખાસ....
કેપ્રી શોર્ટ્સ બરમુડા | જીન્સ નાઇટવેર સેન્ડો ટી-શર્ટ | કોટન ટ્રેકપેન્ટ કોલર પોકેટ - ટી શર્ટ ફુલ/હાફ સ્લીવ ટી-શર્ટ
(જોકી, કાંચીરો, કીલવીલ, બ્લેક વાઇન, પ્લેયર્સ, હકુયો)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઇલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)

શું તમને સાંભળવાની તકલીફ છે ? તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
કોઇપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેનમાર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન | કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પુજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહ્યુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા





આ છે અહીંની વિશેષતાઓ...
• વિટ્રીફાઇડ ટાઇલ્સ • સ્ટાન્ડર્ડ ક્વોલીટીમાં બાથરૂમ ફીટીંગ
• સ્ટાન્ડર્ડ બારી દરવાજા • મેઇન ગેટે સિક્યુરીટી
• ગ્રેનાઇટ પ્લેટફોર્મ • ૨૪ કલાક જનરેટરની સુવિધા
• આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
• સ્ટીલ ગ્રેલીંગ • આર.સી.સી. રોડ
• સીસીટીવી કેમેરાથી સુસજ્જ
અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ ક્લીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE | SPARE | INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઇન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઇન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઇન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

હવે કોઇપણ A.C.ની ખરીદી પર મેળવો...
Rs.3000/-* CASHBACK
0% ફાયનાન્સ
સિમ્ફની એર કુલર
GENERAL MITSUBISHI BLUE STAR Cruise DAIKIN VOLTAS IFB BPL HITACHI LLOYD LG Whirlpool Kelvinator
દરેક સ્ટાન્ડર્ડ કંપનીના A.C. અને Air Cooler ની વિશાળ રેન્જ...
યોગી ઇલેક્ટ્રોનિકસ
શોપ નં.૮, સુધરાઇ શોપીંગ સેન્ટર, રાજકમલ ચોક, અમરેલી. Mo. 78020 42200 | 94267 61717

MARUTI SUZUKI ARENA BREZZA
WICKEDLY POWERFUL





Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી

શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સારવાર :
• અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
• ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
• તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
• વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
• અધતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
• કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
• ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
• ઇમ્પોર્ટેડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા
-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦





MGA મધુવન ગોલ્ડ આર્ટ Since: 2000
શુભ મંગલ ને વધાવે, "મધુવન" હર નારી ને દીપાવે
madhuvan gold art madhuvangold.in

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઇન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

